Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૫૨ • તા. ૨૫ ડિસેમ્બર ૨૦૧૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## સ્મૃતિ વિશેષ

### જ્ઞાતિની સો વરસ જુની વ્યાપારી પેઢીના આદ્ય સ્થાપક



## કેશવજી નરશી અજાણી

જ્ઞાતિના પરંપરાગત રૂ વ્યવસાયના વિકલ્પે વેપારી સાહસમાં નવી કેડી કંડારનાર કર્મયોગી દ્વારા સ્થાપિત પેઢી ''મે. કે. એન. અજાણી'' ને (સ્થાપના : ૧૯૧૮) શતાબ્દિ પૂર્ણતા નિમિત્તે ''પ્રકાશ સમીક્ષા''ની સાદર શુભેચ્છાઓ




૧૦૦ વરસના સંભારણાં




૧૦૦ વરસના સંભારણાં




મિત્રો, વ્યર્થ મહેનત ન કરો, તમે આ તાળું તોડી નહીં શકો
તમે વાંચતા નથી તાળાં ઉપર ''અજાણી'' લખેલું છે.
''અજાણી'' તાળાં અને લૉક ચોરો તોડી નથી શકતા.

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

(Regd. Under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM)

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૪૮૨૭૪

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

WE CARE — SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST — OUR MISSION IS YOUR HEALTH

**સેમિનાર દિન :** રવિવાર, તા. ૧૭.૧૨.૨૦૧૭

## સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭

**સેમિનાર સ્થળ :** રોટરી ક્લબ, ડોંબિવલી




પ્રથમ સેમિનારના સફળતા બાદ ડૉ. હર્ષ શાહ (M.B.B.S., M.D.) દ્વારા દ્વિતીય સેમીનાર ડોંબિવલીમાં યોજાયો જેમાં ૫૪થી અધિક જ્ઞાતિજનો સેમિનારમાં જોડાયા.

## આઇ કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭




**ડૉ. કૌશલ શાહ** Fellow Cornea, DNB (Oph), Consultant Ophthalmologist, Cornea and Cataract Surgeon દ્વારા પ્રથમ સેમીનાર ડોંબિવલીમાં યોજાયો જેમાં ૧૦૦થી અધિક જ્ઞાતિજનો સેમિનારમાં જોડાયા. જેમાં આંખોના ચેકઅપ અને કાળજી માટેનો સેમિનાર તેમજ કેટરેક્ટ સારવાર બાબતે ૨૨ જ્ઞાતિજનો જણાયા. વધુ માહિતી માટે અંદરના પાને...

**લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી ચેરમેન અને સર્વે ટ્રસ્ટીગણ**

AVANI 9833432251

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# SHREE K.D.O. STUDENTS ASSOCIATION

Presents Annual Day

# JAZBAA

## Ek Shaam Desh Ke Naam

**26th JANUARY 2018 | REPUBLIC DAY CELEBRATION**

Yogi Sabhagruh, Swami Gyan Jivandas Marg,
Lokmanya Tilak Colony, Dadar (E), Mumbai



## ACADEMIC PRIZE DISTRIBUTION

FOR RESULT SUBMISSION CONTACT: **9819985339**

THEME:
**PATRIOTIC**





## FASHION SHOW



## DANCE

## SINGING



## INSTRUMENTAL



## SKIT

FOR PARTICIPATION IN ABOVE COMPETITIONS CONTACT:
**9769502277 / 9930253717**

SHREEKDOVS@GMAIL.COM | / SHREEKDOVS
TEJAS MAHENDRA KHONA (PRESIDENT)

# ભાવભર્યું નિમંત્રણ



શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના
''સ્વર્ણિમ વર્ષ''ની ઉજવણીના અંતર્ગત
સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક,
પુજ્ય આચાર્ય ભગવંત
**શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબ**
ની નિશ્રામાં
''સમગ્ર દક્ષિણ ભારતના અચલગચ્છશ્રીના સંઘોનું
એક મિલન રવિવાર, ૧૪ જાન્યુઆરી ૨૦૧૮
સવારે ૮.૩૦ થી ૪ દરમ્યાન
''નૂતન કચ્છી ભુવન'' બીજાપુરમાં યોજેલ છે.
આ મહત્વપૂર્ણ મિલનના અવસરે
સૌ સંઘ, મહાજનના પદાધિકારીઓ, શ્રેષ્ઠીઓ,
આગેવાનાને પધારવા ભાવભર્યું નિમંત્રણ અપાયું છે.

# શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫.૦૨.૧૯૮૨

દેહ વિલય :
તા. ૨૪.૧૨.૨૦૧૫

**શૈલેષ મણીલાલ શામજી મોમાયા**
ગામ : વરાડીયા – હાલ : વાપી

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું,
સ્નેહ એમની શકિત હતી, પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલાંમાં હતું,
કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી
એવો તમારો જીવનમંત્ર હતો.
ઓ દિવ્યઆત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ
અને ઉચ્ચ ગતિ પામો એજ પ્રભુ ચરણે પ્રાર્થના.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖
**માતુશ્રી વાલબાઈ શામજી હીરજી મોમાયા પરિવાર,** વરાડીયા
માતા-પિતા : **અ.સૌ. વાસંતી મણીલાલ શામજી મોમાયા**



# *Congratulations!*

**Ku. Dharshana Girish Momaya**
(Cochin – Varadia)
Date of birth: 14/09/1992

On successfully completing M.S. in Software Engineering and on your promotion as Senior Project Engineer at Wipro Technologies, Bangalore.

On this achievement we wish you Hearty Congratulations. May your life always shower you with such great success and happiness.

**Best Wishes:**
Madhuribai Mulchand Momaya & Family
(Cochin – Varadia)
Urmilaben Padamshi Dharamshi & Family
(Bagalkot – Kothara)

Mob: +91 9895003777

# પ્રથમ અને દ્વિતીય સંમેલન વચ્ચેના કાળના પરિવર્તનો

૭૦ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિનું પ્રથમ અધિવેશન સને ૧૯૪૭માં ભરાયું. આપણી જ્ઞાતિ ભૂતકાળમાં વચેટીયા તરીકેનું જે કાર્ય કરતી હતી તે ઢાંચો ભારતની નવી અર્થતંત્રની નિતિમાંથી દૂર થતો હોઈ જ્ઞાતિને નવી દિશા સ્વીકારવી પડી.

સને ૧૯૬૦ પછી રૂ, ગુંદર અને વિમા ધંધાનું રાષ્ટ્રિયકરણ થયું. રૂ બજારમાં નોકરી ક્ષેત્રે સ્થિર થયેલો વર્ગ અસલામતી અનુભવવા લાગ્યો. પોતાના બાળકોનું ભવિષ્ય આ ક્ષેત્રે નથી એમ સમજી તેણે પોતાના બાળકોને શિક્ષણ માટે પ્રાધાન્ય આપવાની શરૂઆત કરી દીધી.

આ સમયે મજૂર ચળવળની શરૂઆત થઈ ચૂકી હતી. મજૂર મંડળો સ્થપાયા. રૂની ગાંસડીઓ ઉતારવા અને ચડાવવાનું કામ કરનારા મજૂરને મહીને રૂ. ૨૫૦ મળતા હતા તે ચળવળને કારણે રૂ. ૨૦૦૦થી વધુ મળવાની શરૂઆત થઈ. ગોદામના મેનેજરને રૂ. ૨૫૦ જ મળતા હતા. મુનિમ વર્ગ મનોમન અકળાવા લાગ્યો. છતાં શેઠીઆઓ સાથે પરિવારિક સંબંધો હોઈ મજૂર ચળવળમાં જોડાઈ જવાનું ઇચ્છનીય ગણતો ન હતો. પણ મનોમન એટલું તો જરૂર નક્કી કરી લીધું કે પોતાના બાળકોને ભૂલે ચૂકે રૂ બજારમાં આવવા ન દેવા.

જ્ઞાતિનાં શ્રીમંતો નશીબદાર હતા કે તેમનું સંચાલન કરનાર વફાદાર મુનિમો પોતાની જ્ઞાતિમાંથી મળતા. કુશાગ્ર મુનિમો શ્રીમંતોના જમણા હાથ હતા. પણ હવે સંજોગો બદલાયા. વિશ્વાસુ માણસોની ખોટ પડવા લાગી. અને તેની અસરો વ્યાપારી પેઢીઓ ઉપર આવી.

સને ૧૯૬૫ના ગાળામાં જ્ઞાતિના ઘણા શ્રીમંત પરિવારોમાં આપસ આપસમાં કૌટુંબિક ઝઘડાઓ વધ્યા. વિભાજીત થતા કુટુંબોને કારણે વ્યાપારી પેઢીઓની સદ્ધરતા પણ નબળી પડી.

સને ૧૯૪૭ થી ૧૯૬૫ સુધીનાં ગાળામાં જ્ઞાતિએ શિક્ષણ તરફી ઝોક આપ્યો તેના પરિણામો આવવા શરૂ થયા. સાધારણ મધ્યમ પરિવારના કેટલાય પુત્રો બી. કોમ. અને ચાર્ટડ એકાઉન્ટન્ટ થવા લાગ્યા. પોતાનાં ગ્રાહકોને ચીવટપૂર્વક સમયસર સેવાઓ આપતી વિશાળ ફોજ જ્ઞાતિ પાસે થઈ ગઈ. એ વિદ્યાર્થીઓ પાસે ભૂતકાળનો ચીવટાઇનો વારસો વધુ ઉપયોગી બન્યો.

કેટલાય યુવાનોને બેંકોની નોકરી મળી. કેટલાય જ્ઞાતિ યુવકો અને યુવતિઓ તબીબી ક્ષેત્રે આગળ આવ્યા. આમ જ્ઞાતિમાં ઉચ્ચ મધ્યમ વર્ગનો ઉદય થયો.

જ્ઞાતિમાં સ્ત્રી શિક્ષણ વધતા યુવાન છોકરીઓમાં પોતાના કુટુંબમાંના મોભા પ્રત્યેની સભાનતા વધી. વિભક્ત કુટુંબમાં મોકળાશથી અને સ્વમાનભેર રહી શકાય એવી માન્યતા દૃઢ થતી ગઈ. જેના આડકતરા પરિણામો રૂપે સંયુક્ત કુટુંબો વિભાજીત થવા લાગ્યા. કદાચ પોતાના પતિની ઓછી આવક હોય તો પત્ની પોતે કરકસર કરશે અથવા આવકના સાધનો ઊભા કરી બે છેડા સમતોલ કરવા માટે પતિને મદદરૂપ થશે તેવા પ્રકારનો અભિગમ શરૂ થયો. રહેણાકની સમસ્યા વધી. છતાં પોતાનું સ્વતંત્ર રહેણાક ભલે ચાલની સીંગલ રૂમ હોય તો પણ રહેવાની તૈયારી ધરાવતું માનસ સ્ત્રીઓમાં નિર્માણ થયું.

આ સમયની કચ્છની પરિસ્થિતિ આવી હતી. સને ૧૮૪૭ થી સને ૧૯૭૦ સુધીના ગાળામાં કચ્છમાં દુષ્કાળો વધ્યા. રૂની સીઝન પૂરી કરી ચાર માસ માટે કચ્છ જતો વર્ગ ધીમે ધીમે બંધ થતો ગયો. કચ્છની રહી સહી મિકલતો પાણીના ભાવે વેંચી ડોમ્બીવલી વિસ્તારમાં સીંગલ રૂમમાં રહેવા પ્રત્યેનું આકર્ષણ વધ્યું.

અમુક ભાઇઓ કંડલા, ગાંધીધામ, આદિપુર વિસ્તાર તરફ ધંધાર્થે આવવા લાગ્યા. અબડાસા વિસ્તારમાં સંખ્યા દિવસ દિવસે ઘટવા લાગી.

રૂ બજારની નોકરીમાંથી છુટા થનાર વર્ગને તથા નવા નોકરીની શોધમાં આવનાર જ્ઞાતિજનો માટે ટ્રાન્સપોર્ટ ધંધાના દ્વાર ખૂલ્યા. આ આકસ્મિક ધંધાકિય ક્ષેત્ર જ્ઞાતિ માટે ખૂબજ ઉપયોગી પૂરવાર થયો. નીચલા તથા મધ્યમ વર્ગના કેટલાય યુવાનો ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં ગોઠવાઈ ગયા. મેટ્રીક સુધી ભણેલા વિદ્યાર્થી વર્ગને આ કામ વધુ માફક આવ્યું. આ ક્ષેત્રે જ્ઞાતિનો વિશાળ વર્ગ ગોઠવાઈ ગયો. બહારગામ બ્રાંચો શરૂ થઈ. દેશાવરના મોટા મોટા શહેરોમાં કેટલાય જ્ઞાતિબંધુઓ


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ



**અંક નં. 52/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

આ વ્યવસાયમાં સ્થિર નહિ પણ નામના પાત્ર સિદ્ધિ મેળવી પ્રતિષ્ઠાભર્યું સ્થાન મેળવવા ભાગ્યશાળી બન્યા. તૂટતી જતી જ્ઞાતિ ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં સ્થિર બની.

સને ૧૯૬૫ પછી અનંતનાથજી ટ્રસ્ટમાં કજીયા અને કંકાસનું વાતાવરણ સર્જાયું. જ્ઞાતિની રહી સહી શક્તિ એ કંકાસોમાં ખર્ચાઈ ગઈ. ચૂંટણીઓમાં ટ્રાન્સપોર્ટમાં સ્થિર થયેલા વર્ગે ઝંપલાવ્યું. આ વર્ગે અશિક્ષિત જરૂર હતો પણ જ્ઞાતિ માટે કાંઈક કરી છૂટશે તેવી ભાવના ધરાવતો હતો. ત્યાં પણ ટ્રસ્ટના કાયદાની મર્યાદાઓ નડી.

ત્યારબાદ શ્રી અનંતનાથજી ચૂંટણીઓમાં શિક્ષિત વર્ગ આવે તો તે સમસ્યાઓ ઉકેલી શકશે એવી આશા બંધાઈ. જ્ઞાતિએ શિક્ષિત યુવાનોને ચૂંટી કાઢયા. રહેઠાણની સમસ્યા ફક્ત શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ઉકેલી શકાશે એવી લાગણી સર્વત્ર હતી. પ્રચાર માધ્યમ પણ તેવું રહ્યું છતાં ચૂંટણીઓમાં ચૂંટાયા બાદ સુંદર લાગતું ચિત્ર વાસ્તવિકતાઓથી ઘણું દૂર હતું. ચૂંટણીમાં ચૂંટાઈ આવેલો બુધ્ધિશાળી વર્ગ પોતાની મર્યાદાઓ જોઇ શક્યો. જ્ઞાતિ બદલતા જતા મૂલ્યોની તારવણી કરતી રહી. દેશ નેતાઓ જેમ ચૂંટણીઓમાં વચન આપે છે પણ પરિપૂર્ણ કરતા નથી તેવો અહેસાસ જ્ઞાતિ પણ કરતી રહી.

સને ૧૯૪૭ના પ્રથમ સંમેલનથી સને ૧૯૭૯ના દ્વિતીય સંમેલન સુધીના ૩૨ વર્ષના ગાળામાં જ્ઞાતિએ ઘણી ઘણી ઊથલપાથલ જોઇ. આ સમય દરમ્યાન દેશના બદલાયેલા ઢાંચામાં વ્યવસ્થિત ગોઠવાવા માટે જ્ઞાતિએ જબરજસ્ત પ્રયત્નો આદર્યા. મૃત્યુ સમયે અપાતી મોટી જાહેરખબરો બંધ થઈ. વારે તહેવારે અપાતા જમણવારો બંધ થયા. લગ્નો પાછળ થતાં ધામધૂમના ખર્ચાઓ ઉપર સ્વૈચ્છિક કાપ આવ્યો. મોટા સમારંભો, પગપાળા સંઘો કે જે ફક્ત પ્રસિદ્ધિ અર્થે હોય તેવા કાર્યક્રમોથી જ્ઞાતિનો વિશાળ વર્ગ અલિપ્ત થઈ ગયો. નાનામાં નાની વ્યક્તિએ શિક્ષણ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કર્યું. આ ક્રિયા નિશ્ચિત દિશામાં હતી.

આ સમયગાળા દરમ્યાન કચ્છના કેટલાક ગામોના જિનાલયોની શતાબ્દિ ઉજવાઈ. જે તે ગામના વિવિધ સ્થળે વસતા મૂળવાસીઓના યુવક મંડળોની સ્થાપનાનું નિમિત્ત બની. આગળ જતાં આ મંડળો કચ્છના જે તે ગામોમાંની પ્રવૃત્તિનો આધાર સ્થંભ બની ગયા.

ઉચ્ચ શિક્ષણના ફેલાવા સાથે જ્ઞાતિમાં એક એવો વર્ગ ઊભો થયો કે જેને માટે જ્ઞાતિના સીમાડા બહુ સાંકડા હોય. આ વર્ગે વ્યાપક ક્ષેત્રે જ્ઞાતિને નામના અપાવી. પણ જ્ઞાતિના સમાજકારણથી તે અલિપ્ત જ રહ્યો.

એકંદરે પ્રથમ સંમેલનથી દ્વિતિય સંમેલનની વચ્ચેના કાળનો જ્ઞાતિના આર્થિક આધાર બદલાયો. શિક્ષણ વધ્યું, રહેણી કરણી મોકળાશવાળી બની. મુંબઈ અને દેશાવર વચ્ચે રહેણકરણીનું અંતર દેખાવા લાગ્યું. કચ્છના હાલાર ગામડાઓમાં વસતી ઘટવાની પ્રક્રિયા ઝડપી બની. મુંબઈમાં વસવાટ છુટો છવાયો થતો ગયો અને જ્ઞાતિમાં સમાજકારણમાં નેતાગીરીના મોટા પ્રશ્નો ઊભા થયા.

**'શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરક બળો'**
માંથી સાભાર


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરૂં સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## કચ્છના પ્રખ્યાત સુડી, ચપ્પુના વ્યવસાયમાં સો વરસથી સ્થાપિત વ્યાપારી પેઢી ''કે. એન. અજાણી''

મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાત તથા દેશના અનેક રાજ્યોમાં કચ્છના પ્રસિધ્ધ સુડી તથા ચપ્પુને જાણીતા કરનારી પેઢી મે. કે. એન. અજાણીની સો વરસની સફર ખૂબજ રોમાંચક રહી છે. તા. ૧.૧.૧૯૧૮ ના સ્થાપિત થયેલી આ પેઢીની વિશ્વસનીયતા આજે પણ એવીને એવી જ રહી છે એમાં પેઢીના આદ્ય સ્થાપક સ્વ. કેશવજીભાઈ નરશી અજાણીની, કોઠાસુઝ તથા દેશદાઝની ભાવનાનો મુલ્યવાન ફાળો છે.




ઈ. સ. ૧૮૯૦ માં કચ્છ કોઠારામાં જન્મેલા કેશવજીભાઈએ ધો. ૭ સુધીનો અભ્યાસ કોઠારામાં કર્યો. એ પછી પ્રારંભિક કાર્ય શિક્ષક તરીકે ત્યાં જ કર્યુ. પણ સાહસિકતા જેના લોહીમાં ઉછાળા મારતી હતી તેવા કેશવજીભાઈ તત્કાલીન વ્યવસ્થા મુજબ ૧૮ વરસની ઉંમરે મુંબઈ આવ્યા. કપાસના વેપારમાં આપણાં જ્ઞાતિજનોની અનેક પેઢીઓ પ્રવૃત હતી એટલે તેઓશ્રી પણ કપાસના વેપારમાં જોડાઈ ગયા. કપાસના વેપાર અર્થે મહારાષ્ટ્ર આંધ્રપ્રદેશ તથા કર્ણાટકમાં પ્રવાસો થતા રહેતા હતા. ધુલિયાનું શહાદા કપાસ ઉત્પાદનનું મથક હતું અને કેશવજીભાઈ ત્યાં આવતા જતા હતા. કપાસના વેપારની સાથે સાથે કંઈક કરવું જોઈએ એવો વિચાર એમના મનમાં રમતો હતો. અનુકુળતાએ કચ્છ ગયા ત્યારે કોઠારા ગામમાં આવેલી લુહારની કુળ એમના ધ્યાનમાં આવી. ખેતીકામના ઓજારો બનાવતા લુહારોની કુશળતાને કામે લગાડી સુડી બનાવવા લુહારોને પ્રોત્સાહિત કર્યા. મહારાષ્ટ્રમાં પાન ખાવાની પરંપરા પૂર જોશમાં હતી. એટલે સુડીનો વપરાશ ખૂબ જ થતો હતો. એમાં આ સાહસિક નવયુવાનને ગામના લુહારોને કામ મળશે એવી શુભ ભાવના ભળી અને એક નવા સાહસનો પ્રારંભ થયો. એ સમયે અંગ્રેજો સામેની લડત પણ ચાલુ જ હતી. વિદેશી માલનો બહિષ્કાર કરીને સ્વદેશી ચળવળ શરૂ થઈ રહી હતી. દેશદાઝના રંગે રંગાયેલા કેશવજીભાઈ પણ આ ચળવળથી પ્રભાવિત થયા અને કચ્છના કારીગરોને કામ અપાવવાના આશય સાથે સુડી-ચપ્પુના વેપારનો પણ પ્રારંભ કર્યો. નાના પાયે શરૂ થયેલું આ કામ વિકસતું ગયું અને એનો વ્યવસ્થિત પ્રારંભ તા. ૧/૧/૧૯૧૮થી કર્યો. જેનો દસ્તાવેજી પુરાવો એમણે સરકારને બ્રાંડના રજીસ્ટ્રેશન માટે કરેલી અરજીમાંથી છે. સુડી ચપ્પુને અજાણી તલવાર બ્રાન્ડ નામ આપનારા કેશવજીભાઈ દીર્ઘદ્દષ્ટિ ધરાવતા, દેશદાઝથી ભરેલા નવયુવાન હતા. ૨૮-૨૯ વરસની વયે આજથી ૭૦ વરસો પહેલા વેપાર ધંધામાં બ્રાન્ડ મેળવવી એ ખૂબજ સાહસ તથા નિપૂણતાનું કાર્ય ગણી શકાય.





ઈ.સ. ૧૯૩૦ આસપાસ મહાત્મા ગાંધીજીની હાકલથી સ્વદેશી ચળવળનું ખૂબજ જોર હતું. મુંબઈ કોંગ્રેસના તત્કાલીન આગેવાન શ્રી કનૈયાલાલ મુનશીએ સ્વદેશી માર્કેટના નિર્માણ માટેનો વિચાર વહેતો મૂક્યો. બે ત્રણ વરસમાં જ સ્વદેશી માર્કેટનું નિર્માણ થયું જ્યાં ફક્ત સ્વદેશી ઉત્પાદકો જ પોતાનો માલ વેંચી શકે એવા નિયમ હતો. એમાં કેશવજીભાઈએ દુકાન લીધી અને કચ્છના પ્રખ્યાત સુડી તથા ચપ્પુ તલવાર બ્રાન્ડ થી વેચાવા લાગ્યા. દેશભરમાંથી આવતા વેપારીઓમાં સુડી-ચપ્પુ પ્રખ્યાત થવા માંડ્યા. ખૂબજ ગૌરવ લેવા જેવી વાત એ છે કે **એ અરસામાં મહાત્મા ગાંધીજીએ પણ સ્વદેશી માર્કેટની મુલાકાત લીધી અને કે. એન. અજાણીની દુકાને જઈને 'કચ્છના સુડી-ચપ્પુ બહુ વખણાય છે' એમ જણાવ્યું હતું.**

કચ્છના કારીગરોની કુશળતાને જાણનારા કેશવજીભાઈ માર્કેટીંગ તથા એડવર્ટાઈઝમેન્ટ ઉપર ખૂબજ મહેનત કરતા હતા. ઈ.સ. ૧૯૨૪માં મુંબઈમાં માંડવી જીલ્લા કાંગ્રેસ દ્વારા આયોજીત સ્વદેશી વેપાર મેળામાં કે. એન અજાણીને ગોલ્ડ મેડલ તથા ઈ.સ. ૧૯૩૩માં બાગલકોટ કર્ણાટક ખાતે આયોજીત વેપાર મેળામાં સિલ્વર મેડલ પ્રાપ્ત થયા છે જે એમની વ્યાપાર કુશળતાના પ્રમાણપત્રો છે. બ્રાંડના પ્રમોશન માટે એકઝિબીશન ઉપરાંત દુકાનોના સાઈનબોર્ડ, પેપર એડવર્ટાઈઝ વગેરે ઉપર ધ્યાન આપતા તેઓશ્રીનું એક વાક્ય આજે પણ પ્રસ્તુત છે. તેઓ કહેતા કે, **''જાહેરાત એ જલતી જ્યોત છે''** જ્યા સુધી જાહેરાત કરતા રહેશો ત્યાં સુધી વેપાર ચાલુ રહેશે.

સુડી-ચપ્પુની સાથે સાથે અનુકુળતા તથા બજારની જરૂરિયાત મુજબ છરી, કાતર તથા તાળાનું ઉત્પાદન પણ શરૂ કરવામાં આવ્યું. કેશવજીભાઈના સાદગી-સરળતા તથા દેશ પ્રેમના વિચારોને આગળ ધપાવતા સુપુત્ર નલિનભાઈએ દેશ દેશાવરમાં અજાણીના પ્રખ્યાત સુડી-ચપ્પુ, કાતર, તાળાં પહોંચાડ્યા છે. આજે યુ.કે., ગલ્ફ કન્ટ્રીઝ, આફ્રિકા, કેનેડા જેવા દેશોમાં તેમના ઉત્પાદનો એકસપોર્ટ થાય છે. નલિનભાઈના ચાર સુપુત્રો - શ્રી રાજેશભાઈ, શ્રી જયેશભાઈ, શ્રી પરેશભાઈ, તથા શ્રી આશિષભાઈ

પારિવારીક ધંધાને આધુનિક રૂપ આપી આગળ ધપાવી રહ્યા છે.

શ્રી નલિનભાઈ સાથેની પ્રકાશ સમીક્ષાના મુલાકાત દરમ્યાન સ્વ. કેશવજીભાઈના જીવન અંગેની અનેક બાબતો જાણવા મળી જે આપના સુધી પહોંચાડવાનો અમે પ્રયાસ કર્યો છે. જીવનભર ખાદીધારી રહેનારા કેશવજીભાઈ દેશદાઝથી રંગાયેલા ભારતીય હતા.

ગ્રામોદ્યોગને પ્રોત્સાહિત કરવાના ગાંધીજીના પ્રયાસોને જીવનમાં ઉતારનારા સાહસિક સજ્જન હતા. કચ્છના ગામડાંઓના લુહારોની કુશળતાને કામે લગાડી તેમને એ જમાનામાં સારૂં વળતર અપાવનારા દીર્ઘદૃષ્ટા વેપારી હતા. ક.દ.ઓ. જ્ઞાતિના અનેક મહાનુભાવો પોતાની સાહસિકતા દ્વારા ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવી ચૂક્યા છે, એમાં સ્વ. કેશવજી નરશી અજાણીનું નામ પણ ગૌરવભેર લઈ શકાય. આવા દીર્ઘદૃષ્ટી ધરાવતા સાહસિક કેશવજીભાઈ ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવી અનેક સત્કાર્યો કરીને ૮/૨/૧૯૬૭ ના રોજ અરિહંત શરણ થયા. એમણે સ્થાપેલી પેઢી મે. કે. એન. અજાણીના શતાબ્દી વર્ષ પ્રસંગે કેશવજીભાઈનું પુણ્યસ્મરણ કરી છીએ.

સંકલન : પ્રકાશ સમીક્ષા

**સ્વ. સુપુત્ર ચિ. યોગેશ રતિલાલ (રશ્મિન) શિવજી ખોનાજી છઠ્ઠી પુણ્ય તિથિએ અસાંજા હૃદય દ્રાવક ઉદ્‌ગાર....**

જન્મ : તેરા
તા. ૨૨-૧-૭૧



પ્રયાણ : મુંબઈ
તા. ૨૪-૧૧-૧૧

તો જે વેંધે મન ખાલી ને ઘર ખાલી,
મથા અસાંજો જીવન પણ થ્યો ખાલી,
રશ્મિન ચેં કોઈ ન પૂરે સગધો ઈ ખાલીપો,
જે હાણે ત અસાંલા મિળેજ ખાલી ખાલી.
તોકે ન કરીંયુ યાદ ત કેંકે કરીંયું યાદ ?
જે તું ત વે અસાંજે આખિંયેં જો ચમકધો તારો,
ને તુંજ વેં અસાંજે બુઢ્ઢાપેજો ખરો સહારો,
કાળજી કુરતા જડે છડે વૈઇ પિંઢજી માઠા,
તડેં વિનાય ગિણો સિંહ જેળો મિઠ્ઠો પુત્તર પ્યારો.
૭-૭ વરેં પોય પ તોકે નાંય ભુલ્યા, જે તું વે મિણીજો દુલારો.

**- રશ્મિન ખોના**

**પ્રાર્થયિતા : શિવજી નાંગશી ખોના પરિવાર એવંમ્**
**સમસ્ત ખોના પરિવાર (તેરા-કચ્છ)**

।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ।।　　　　।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

# ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

બંન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ **પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** તેમજ સર્વે પ.પૂ. આચાર્ય ભગવંતોના આશિર્વાદથી **મૂનિશ્રી કંચનસાગર મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં તથા વિધિકાર સુશ્રાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ**ના માર્ગદર્શનમાં બંન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

## -: કાર્યક્રમ :-

**વિક્રમ સવંત ૨૦૭૪ ફાગણ વદ ૧ને શુક્રવાર, તા. ૨-૦૩-૨૦૧૮**ના રોજ બન્ને જિનાલયોમાં ૧૮ અભિષેકનો કાર્યક્રમ યોજેલ છે.

**વિક્રમ સવંત ૨૦૭૪ ફાગણ વદ ૨ને શનિવાર, તા. ૩-૦૩-૨૦૧૮**ના રોજ બન્ને જિનાલયોની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે. તો આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી. આવનાર ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**નોંધ :** આ સાથે બંન્ને ગામોની સર્વ સામાન્ય સભા ટ્રસ્ટ અને કારોબારી સમિતિની નિમણુંક માટે સભા બોલાવામાં આવી છે તો સર્વે ગામવાસીઓએ હાજર રહેવું અનિવાર્ય છે.

**સંપર્ક**

| | |
|---|---|
| **૧) અશોક પોલડીયા - 094222 12250** | **૩) ભુપેન્દ્ર ડાઘા - 098198 83522** |
| **૨) શ્રેણિક મોમાયા - 093237 85320** | **૪) પ્રવિણ મોમાયા - 094250 89966** |

**લિ. પ્રમુખશ્રી ધનપતિ કુંવરજી મોમાયા એવમં ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર !**

## મહાજન સંઘ અને એકમ




ક્રિકેટની રમતમાં ત્રણ ફોર્મેટ ચાલે છે. વન-ડે, ટવેન્ટી ટવેન્ટી અને ટેસ્ટ મેચ. એવી જ રીતે આપણા સમાજમાં પણ સંઘ, મહાજન અને એકમ, આમ ત્રણ ફોર્મેટ ચાલે છે. દરેકને અલગ-અલગ જવાબદારીઓની વહેંચણી આપણાં બંધારણ નિષ્ણાતોએ આપી છે.

અત્યારે ક્રિકેટમાં એમ. એસ. ધોની કે વિરાટ કોહલી દરેક ફોર્મેટમાં કેપ્ટન હોય છે. એ જ પ્રમાણે આપણી જ્ઞાતિમાં પણ ઘણા ઠેકાણે એકમ, સંઘ અને મહાજનના પ્રમુખ એક જ હોય છે અને ત્યાંજ ઘોટાળા થાય છે. જેમ કે ઘણા ઠેકાણે એકમે કરવાના કામ મહાજન કરે છે. મહાજનના કામ સંઘ કરે છે અને સંઘના કામ એકમ કરે છે.

આવનારા સમ્મેલનમાં આ બધા કાર્યોની છણાવટ કરીને એક રૂપરેખા તૈયાર કરવી જોઈએ. જેમકે એકમ ક્રિકેટ રમાડે કે મહાજન ?

અને દરેક મહાજનના સભ્યોને જે પણ પ્રશ્નો હોય તે સમસ્ત મહાજનનને અત્યારથી જ મોકલીને આવનારા સમ્મેલનમાં તેનું નિરાકરણ લાવવું જોઈએ. દા.ત. એક ઈન્ટરકાસ્ટ મેરજ થયું હોય અને તેઓ બન્ને અલગ રહેતા હોય તો તેમાંથી કોણ મહાજનનો સભ્ય બની શકે અથવા બન્નેને મહાજનના સભ્ય બનાવીને બન્ને પાસેથી મહાજનના લાગા લઈ શકાય ? જ્ઞાતિ આ બધાના માર્ગદર્શન માટે સમ્મેલન પાસેથી અપેક્ષા રાખે છે.

– **પ્રવીણ લોડાયા,** વડોદરા


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઓર્ડર

**સોમવાર બંધ**


### વસતીપત્રકના રૂા.૩૦૦ ન મોકલવા વિશેષ જાહેરાત

કે.ડી.ઓ. વસતી પત્રક સમિતિએ જાહેર કેલ ૮મા વસતિ પત્રક ફોર્મમાં બુક રૂા. ૩૦૦/- માં લેવાની સ્કીમ હાલ તુરંત સ્થગિત કરેલ છે. જ્ઞાતિજનોને વિનંતી છે કે હાલ કોઈ પણ માધ્યમ મારફત રકમ ન મોકલાવે. જ્યારે સર્વે જ્ઞાતિબંધુઓનું ડેટા વેરિફિકેશન (માહિતીની ફેર ચકાસણી) પુરૂં થશે ત્યાર બાદ સઘળા માધ્યમ મારફત સ્કીમની ફેર તારીખો આપવામાં આવશે તેની નોંધ લેવી.

|| શ્રી ગણેશાય નમઃ ||

|| શ્રી પુડશા દાદા નમઃ ||   || શ્રી અંબે માતાજી નમઃ ||   || શ્રી ખેતરપાર દાદાય નમઃ ||

## નલિયા ગામનાં મોતા ફરિયામાં બિરાજમાન ધરમશી ગોત્રનાં કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા નલિયા-જખૌ-સાંયરા તથા છાદુરા ગામનાં પરિવારો જોગ

જય માતાજી સાથે જણાવવાનું કે શ્રી અંબે મા, શ્રી ખેતરપાર દાદા તથા પુડશા દાદાની સમુહ પહેડી ચૈત્ર સુદ ૧૩, **ગુરૂવાર તા. ૨૯-૩-૨૦૧૮**ના સવારના ચડતે પહોર શુભ ચોઘડીયે નલિયા સ્થાને રાખેલ છે.

**સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહ પરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

સમુહ જુહાર સાથે જે કોઈના બાળકો નામકરણ વિધિ ના જુહાર કે નવા વર-વધુનાં છેડાછેડીના જુહાર કરવાનાં હોય તો અગાઉથી જાણ કરશો તો આગળથી તૈયારી કરવામાં સુગમતા રહે.

**નોંધ :** આપશ્રી અગાઉથી જાણ કરશો તો રહેવાની વ્યવસ્થા કરી શકાય.

એજ લિ. **ધરમશી પરિવારના જય માતાજી અને જય જિનેન્દ્ર !**

**દીપેશ લક્ષ્મીચંદ મોમાયા (ડોંબિવલી) – 093230 03032**

**અશ્વીન કેશવજી ધરમશી (ચેવતમાલ) – 098224 69777**

શ્રી શાંતિનાથાય નમો નમઃ

## શ્રી શાંતિનાથદાદાની છત્ર છાયામાં સાંધવ નગરે શ્રી ગૌતમસ્વામી અને રાજરાજેશ્વરી પાર્શ્વપદમાવતી માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવના ચડાવાના ભાગ્યશાળીઓએ લીધા લાભ સવાયા.

**તા. ૧૭/૧૨/૨૦૧૭** ના બપોરના ૪.૦૦ કલાકે ભાંડુપ નગરે જૈનમ હૉલમાં રાખવામાં આવેલ.

પ.પૂ. સાધ્વીશ્રીજી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા. પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. માંગલિક સંભાળેલ આર્શિવચન આપેલ. કેવલભાઈ સાવલા, પ્રદીપ જોષીના સંગીતના સુરે ચડાવવાની શુભ શરૂઆત થયેલ. ભાગ્યશાળીઓએ ઉલ્લાસભેર લાભ લિધેલ.

| | | |
|---|---|---|
| મહેતાજી બનાવવાનો લાભ | : | **શ્રી લક્ષ્મીચંદ નરશી દંડ, ભાંડુપ** પરિવારે લીધેલ. |
| તિલક કરાવવાનો લાભ | : | **અ. સૌ. કલ્પનાબેન શામજી દંડ, મુલુન્ડ** પરિવારે લીધેલ. |
| અનંતલબ્ધિનિધાન ગુરુગૌતમસ્વામીની પ્રતિમા ભરાવવાનું લાભ | : | **સાંધવ રત્ન શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા, દાદર હ. જયશ્રીબેન, આશાબેન, મનિષાબેન.** |
| ગુરુ ગૌતમસ્વામીની પ્રતિષ્ઠા કરાવવાનો લાભ | : | **સાંધવ રત્ન શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર, દાદર અને શ્રી ભવાનજી રાઘવજી લોડાયા, મુલુન્ડ** પરિવારે લાભ લીધેલ. |
| રાજરાજેશ્વરીમાં પાર્શ્વપદમાવતી માતાજીની પ્રતિમાજી ભરાવવાનું લાભ | : | **અ. સૌ. દમયન્તીબેન ચાંપશી માણેકજી લોડાયા** પરિવાર, ઘાટકોપર. |
| રાજરાજેશ્વરીમાં પાર્શ્વપદમાવતી માતાજીની પ્રતિષ્ઠા કરાવવાનું લાભ | : | **અ. સૌ. રસીલાબેન માણેકજી લોડાયા-મુલુન્ડ, શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા-મુલુન્ડ, માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવાર-મુલુન્ડ.** |
| શ્રી ગૌતમસ્વામીને નગરપ્રવેશ કરાવવાનો લાભ | : | **શ્રી ભવાનજી રાઘવજી લોડાયા પરિવાર-મુલુન્ડ** |
| શ્રી પાર્શ્વપદમાવતી માતાજીને નગરપ્રવેશ કરાવવાનો લાભ | : | **શ્રી દામજી નરશી દંડ પરિવાર-ભાંડુપ, શ્રી ખીમજી કુંવરજી દંડ પરિવાર-વાપી.** |
| ગૌતમસ્વામીને પોંખવાનો લાભ | : | **શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર-દાદર** |
| શ્રી પાર્શ્વપદમાવતી માતાજીને પોંખવાનો લાભ | : | **અ. સૌ. ડીમ્પલ સમીર શામજી દંડ-મુલુન્ડ.** |

### તા. ૮/૫/૨૦૧૮

| | | |
|---|---|---|
| કુંભ, દિપક અને શ્રી ક્ષેત્રપાલ સ્થાપના, જ્વારારોપણ નવગ્રહ, શ્રી દશ દિકપાલ અને અષ્ટમંગલ પૂજન | : | **માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ-વાપી, માતુશ્રી જ્યોત્સના દામજી દંડ-ભાંડુપ** |
| બપોરના ૧.૩૦ થી ૪.૦૦ કલાકે અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી મહાપૂજન નો લાભ | : | **માતુશ્રી કાન્તાબેન મુરજી રાઘવજી લોડાયા-દાદર પરિવાર** |
| બપોરના ૪.૦૦ થી ૬.૩૦ કલાકે રાજેશ્વરી ભગવતી પદમાવતી માતાજીના મહાપૂજન | : | **માતુશ્રી લીલબાઈ વિસનજી સોની-જખૌ, કાંદીવલી અને અ. સૌ. જયશ્રી જવેરચંદ ખોના-ડોંબિવલી** |
| પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના (પાંચપ્રતિમા) નો લાભ | : | **માતુશ્રી લીલબાઈ વિસનજી સોની-જખૌ, કાંદીવલી** |
| રાત્રે મહાકાળી માતાજીની ભાવના- પ્રભુજીની ભક્તિ ભાવના અને દિવડાની રોશની, રંગોળી નો લાભ | : | **માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે વિપુલ, હિતેશ, નિખિલ- સાંધવ, મુલુન્ડ** |
| જીવદયા નો લાભ | : | **માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના પરિવાર-ભાંડુપ** |

### તા. ૯/૫/૨૦૧૮

વરઘોડો, રથયાત્રા

| | | |
|---|---|---|
| શાન્તિનાથ ભગવાનને રથમાં લઈને બેસનાર | : | **શ્રી હીમાંશુ વિરચંદ ખોના-ડોંબિવલી** |
| સારથી બનવાનો લાભ | : | **શ્રી કેવલ વિરચંદ ખોના-ડોંબિવલી** |
| વેલમાં બેસવાનો લાભ | : | **અ. સૌ. કલાબેન દિનેશ લોડાયા-મુલુન્ડ** |
| ત્રણ અશ્વઉપર ધર્મની ધજા લઈને બેસવાનો લાભ ૩ (ત્રણ) જનાએ | : | **૧) શ્રી ભવાનજી રાઘવજી લોડાયા-મુલુન્ડ, ૨) શ્રી રાયચંદ નરશી દંડ-મુલુન્ડ, ૩) દેવાંશ સમીર દંડ-મુલુન્ડ** |

**બપોરના અઢાર અભિષેક ૧-૧૮ ગાથાનો લાભ અલગ-અલગ ભાગ્યશાળી પરિવારોએ લીધેલ છે.**

| | | |
|---|---|---|
| પ્રભુજીની ભવ્યાતીભવ્ય અંગરચના નો લાભ | : | **માતુશ્રી ખમાવતીબેન જીવરાજ દંડ** |
| દીવળાની રોશની-રંગોળી-મહાપૂજા નો લાભ | : | **શ્રી પ્રવિણ કુંવરજી મોતા-ડોંબિવલી** |
| રાત્રે પ્રભુજીની ભક્તિભાવના, દાંડીયારાસ | : | **શ્રી વિરચંદ મેઘજી ખોના પરિવાર-ડોંબિવલી** |
| જીવદયા નો લાભ | : | **શ્રીમતી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા-મુલુન્ડ** |

**તા. ૧૦/૫/૨૦૧૮ પ્રતિષ્ઠાના લાભ લેનાર ભાગ્યશાળીઓ**

| | | |
|---|---|---|
| કંકુના થાપા કરવાનો / સવા કિલો ચોખાનો સાંથીયો / સવા કિલો બુંદીનો લાડુંનો લાભ | : | **શ્રી ઝવેરચંદ મુરજી દંડ પરિવાર-ભાંડુપ** |
| બપોરના ૧.૦૦ કલાકે લઘુશાંતિ સ્નાત્ર મહોત્સવ | : | **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર-મુલુન્ડ** |
| પ્રભુજીની ભવ્ય અંગરચના નો લાભ | : | **શ્રી દિપેશ ભરત મેઘજી ખોના-દુબઈ** |
| પ્રભુજીની ભક્તિભાવના | : | **રતનબેન હિરાલાલ લોડાયા-ભાંડુપ** |
| દીવળાની રોશની-રંગોળી નો લાભ | : | **તેજલ-શીલ રસીક લોડાયા-મુલન્ડ** |
| જીવદયાનો લાભ | : | **માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા પરિવાર હ. ભવાનજીભાઈ-મુલુન્ડ** |
| દેરાસરજીને શણગારવાનો લાભ | : | **ચિ. દેવાંશ સમીર શામજી દંડ-મુલન્ડ** |

ત્રણ દિવસ સંપુર્ણ સાર્ધમિક ભક્તિનો લાભ તેમજ જગડુશા નગરી તેમજ હસ્તિનાપુરી નગરીનો લાભ
**શેઠશ્રી ચાંપસી માણેકજી લોડાયા પરિવાર-ઘાટકોપર તથા શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર મુલુન્ડ**

પત્રિકામાં લી. જય જીનેન્દ્ર નો લાભ : **માતુશ્રી કલ્પનાબેન દિનેશ રામજી લોડાયા**
**હસ્તે અલ્પાબેન ચેતન લોડાયા દ. ગૌરવ, દર્શના લોડાયા મુલુન્ડ**

પ્રતિષ્ઠા મહોત્સવના સાધારણ ફંડની યોજનાઃ
**પ્લેટીનમ દાતા - ૫૧,૦૦૦, ગોલ્ડન દાતા - ૨૫,૦૦૦, સીલ્વરદાતા - ૧૧,૦૦૦**
જે ભાગ્યશાળી સહયોગ કરશે તેમનો પત્રિકામાં ઉલ્લેખ કરાવવામાં આવશે.
ગોલ્ડન દાતામાં : **માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા હસ્તે સંદીપ નીરવ-મલુન્ડ,**
સીલ્વર દાતામાં : **માતુશ્રી કસ્તુરીબાઈ સોમચંદ લોડાયા-શેવગાંવ** તથા **અ. સૌ. તેજલ વિનિત ખોના-નલિયા મુલન્ડ.**

નુતન આરાધના ભવનનો લાભ :
**માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર હસ્તે પુત્ર-પુત્રવધુ, અ. સૌ. દીપાલી ચેતન લોડાયા, અ. સૌ. યજ્ઞા જયેશ લોડાયા, અ. સૌ. વર્ષા ભાવેશ લોડાયા, કુ. પ્રિયાંશી, દેવાંશી, પ્રિશા લોડાયા-મુલુન્ડ**

નુતન અતિથી ગૃહ રૂમનો લાભ : **૧) અ. સૌ. મીનાબેન શામજી માણેકજી લોડાયા-થાણા, ૨) માતુશ્રી ખમાવંતીબેન શામજી ભાણજી દંડ પરિવાર-ભાયંદર અને વિમલાબેન લખમશી કચરા ખોના ગામ-ગોરખડી**

**તા.ક. :** બાકી રહેલ નુતન અતિથિગૃહના રૂમોના તથા વિંગના દાતાશ્રીઓ આવકાર્ય છે જેમને પણ લાભ લેવો હોય તે મહાજનશ્રીને સંપર્ક કરવા વિનંતી.

લી. પ્રમુખશ્રી **શામજી નરશી દંડ, મુલુન્ડ**

**પ્રતિષ્ઠા મહોત્સવે નુતન આરાધના ભવન, નુતન અતિથિગૃહ ઉદ્‌ઘાટન પ્રસંગે પધારવા પ્રેમભર્યું આમંત્રણ**
**સાંધવ ગામ વાસીઓ અને નિયાણી બહેનોને સહકુટુંબ સહિત પધારવા આમંત્રણ**

પ્રતિષ્ઠા મહોત્સવના પડઘમ વાગી રહ્યા છે. આપણા ગામના આંગણે ૫૧-૫૧ વર્ષીતપના આરાધક તપચક્રવર્તી અચલગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય આ.ભ. શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા - સાધુભગવંતો - સાધ્વીશ્રી ભગવંતો વિશાળ સંખ્યામાં પધારશે. બધાની નિશ્રામાં આ ભવ્યાતિભવ્ય મહોત્સવ યાદગાર બની રહેશે.

પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮/૫/૨૦૧૮ થી ૧૦/૫/૨૦૧૮ ત્રીદિવસીય મહોત્સવમાં સર્વેજણ જરૂરથી પધારશો. તા. ૭/૫/૨૦૧૮ ના સયાજી ગાડીમાં ટીકીટો કઢાવવાની રહેશે. સંપર્ક : ગોવિંદજી પટેલ - ૯૮૨૦૫ ૪૦૯૪૯ / વિરચંદ ખોના, વાશી - ૯૮૭૦૯ ૮૯૦૦૫ / રાજેશ દંડ, ભાંડુપ - ૯૩૨૧૧ ૨૯૬૯૬ / પરેશ દંડ, ડોંબિવલી - ૯૮૧૯૩ ૫૯૪૦૧ / પ્રકાશ લોડાયા, આણંદ - ૯૩૨૭૪ ૭૬૮૦૧ / ઉમેશ ખોના, ડોંબિવલી - ૯૮૩૩૬ ૯૦૭૯૧

**લી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ     પ્રમુખશ્રી શામજી નરશી દંડ, મુલુન્ડ**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

## નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

ટ્રસ્ટ/સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૬/૦૧/૨૦૧૮ના બપોરે ૩.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ / વાલજી લધા રોડ જંક્સન, મુલુંડ (પ.), મુંબઈ-૮૦. મધે બોલવવામાં આવેલ છે. સર્વે વરાડીયાવાસી જ્ઞાતિજનોને સમયસર પધારવા વિનંતી છે.

**એજન્ડા કાર્યસૂચી :**

૧. ગત સભાની મીનીટ્સનું વાંચન ને બહાલી.

૨. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રીપોર્ટની રજુઆત ને બહાલી.

૩. પ્રમુખશ્રીની મંજરીથી અન્ય કાર્યવાહી.

**નોંધ :**

૧. ઓડીટેડ હીસાબો તા. ૧૮-૦૧-૨૦૧૮ થી તા. ૨૧-૦૧-૨૦૧૮ સુધી સાંજના ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન મુંબઈ કાર્યાલય (C/o. આશા દીપક ડાઘા, એ/૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૮૦) ખાતે ખુલ્લા રાખવામાં આવશે.

૨. કોરમના અભાવે મુલતવી રહેલ સભા એ જ દિવસે એજ સ્થળે અડધા કલાક પછી મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.

૩. એજન્ડાને લગતા અથવા શિવાયના સવાલો/ સૂચનો મીટીંગના દિવસથી ૫ (પાંચ) દિવસ અગાઉ લેખીતમાં મોકલી આપવા.

૪. સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**

**ચેતન શાંતિલાલ શાહ**
સેક્રેટરી

## કેરળમાં રીસોર્ટમાં ઈન્વેસ્મેન્ટ કરવાની સુવર્ણ તક

૧) કેરળ રાજ્યમાં રમણિય પશ્ચિમ ઘાટીની મધ્યમાં ભવાની નદી કિનારે અન્ડર-કન્સ્ટ્રકશન રીસોર્ટને અડોઅડ, કોટેજ બાંધકામ માટે જમીનોના પ્લોટો ઉપલબ્ધ છે. ભાવ સેન્ટ (૪૩૫.૬૦ ફૂટ) દીઠ રૂા. ૨ લાખ. કોટેજ બાંધકામ પણ કરી આપવામાં આવશે. કોટેજમાંથી ભાડાની આવક ઉપલબ્ધ થઈ શકશે. જમીનો કોઈમ્બતુર આંતર રાષ્ટ્રિય હવાઈ અડ્ડાથી ફક્ત ૫૦ કી.મી. દૂર છે.

## કેરળ-તામિલનાડુ રાજ્યોમાં પશ્ચિમઘાટીમાં જમીન ખરિદી

**રીસોર્ટ પ્રોજેક્ટ માટે જમીનો**

૧) કેરળ રાજ્યમાં, કોઈમ્બતુરથી **આનૈકટ્ટી થઈ કલીકટ** જવાના રસ્તે, પશ્ચિમ ઘાટીની મધ્યમાં ૧૫ થી ૨૦ એકર જમીન ઉપલબ્ધ છે. ભાવ એકર-દીઠ રૂા. ૧૫ લાખ. જમીનો કોઈમ્બતુરથી ફક્ત ૩૫ કી.મી.ની દૂરી પર છે.

૨) તામિલનાડુ રાજ્યમાં પશ્ચિમ ઘાટી મધ્યમાં રીઝર્વ ફોરેસ્ટની નજદિક કોઈમ્બતુર જીલ્લામાં બોનવેરી ગામ કેરળ રાજ્યની (વાયા આનૈકટ્ટી) પાસે ૨૧ એકર સપાટ જમીન ઉપલબ્ધ છે. એકર દીઠ ભાવ રૂા. ૧૫ લાખ. જમીનો કોઈમ્બતુર શહેરથી ફક્ત ૩૫ કી.મી.ના અંતરે છે.

સંપર્ક : **આયુરવિલા રીસોટર્સ અને ગ્રીન ફાર્મીંગ પ્રા. લી.**
પ્રોજેક્ટ ઓફિસ - કોઈમ્બતુર • મો.: **09789778320**

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

અચલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત **પ. પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**ના દિવ્ય આશિષે, પ.પૂ. તપસ્વીરત્ન તપચક્રવર્તી અચલગચ્છાધિપતિશ્રી **આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરિશ્વરજી**ની શુભ આશિષવૃષ્ટિથી તથા ચાર આચાર્ય ભગવંતોના મંગલ આશિવદિ **પ.પૂ સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.**ના દિવ્ય આશિષે તેમના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.**ની નિશ્રામાં **પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રી મ.સા.**ની શુભ પ્રેરણાએ ૨૪ (ચોવીસ) સંઘપતિ પરિવારોની ઉદાર સુભાવનાએ અચલગચ્છના ઈતિહાસમાં પ્રથમવાર **શ્રી શત્રુંજય જય તળેટી ગુરૂ ગુણોદય સીનીયર સીટીઝન ૯૯ યાત્રા સમિતિ** દ્વારા આયોજીત **શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા,** પાલિતાણાના આંગણે ૩૬ દિવસીય ૯૯ યાત્રા **તા. ૮/૧૧/૨૦૧૭ થી તા. ૧૩/૧૨/૨૦૧૭** દરમ્યાન નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં સકલ સંઘો વતી સફળતાના સુકાની સર્વે પૂજ્ય સાધ્વીજી ભગવંતો, સંઘપતિ પરિવારો, આરાધક ભાઈ-બહેનો, સર્વે કાર્યકર્તા ભાઈ-બહેનો, ત્રણે ધર્મશાળાના ટ્રસ્ટીશ્રીઓની તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ પીઠબળ આપનાર મહાનુભાવોની અમે સૌ સહર્ષ ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**શ્રી માંડવી અચલગચ્છ જૈન સંઘ, શ્રી જખૌ જૈન સંઘ**
**શ્રી સુથરી જૈન સંઘ, શ્રી મોટી ખાવડી જૈન સંઘ**
**શ્રી નાની ખાવડી જૈન સંઘ, શ્રી જામનગર અચલગચ્છ જૈન સંઘ**
**શ્રી તેરા જૈન સંઘ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

(Regd. Under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM)

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,

શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૪૮૨૭૪

## આઇ કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭ | અહેવાલ | સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, શેઠશ્રી નરશી નાથા નાગડાની ૧૭૫મી પુણ્યતિથિ વર્ષ ને યાદગાર અને અવિસ્મરણિય બનાવવાના હેતુથી જ્ઞાતિહિત માટે આરોગ્ય વર્ષ ઉજવવાનું નક્કી કરેલ છે. જેમાં જ્ઞાતિહિતને જ લક્ષમાં રાખીને વિવિધ યોજનાઓની શ્રેણીઓ આપની સમક્ષ રજૂ કરતાં અમે સર્વે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

વર્તમાન પરિસ્થિતીમાં કેમિકલ યુક્ત ખાતરનો વધુ પ્રમાણમાં ઉપયોગના કારણે બિમારીઓ આવવાની શક્યતાઓ વધુને વધુ રહેવાની જ. મોંઘવારીના સમયમાં જ્યારે પોતાની ઘરની વ્યવસ્થાઓને સુચારૂ રીતે જાળવવામાં, સામાજિક-પરિવારીક વહેવારોને સાચવવામાં, આધુનિક મોંઘવારી ભર્યા ભણતર અને નીત નવી બિમારીઓમાં માણસ સતત આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાતો રહે છે.

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વર્તમાનમાં પ્રાથમિક જરૂરીયાત રૂપે બલ્ડ ટેસ્ટ અને તેના વિવિધ રિપોર્ટ માટે અત્યાધુનિક લેબ અનંત પેથોલોજી લેબનું મુલુન્ડમાં રાહતના દરે શુભ શરૂઆત સાથે જ્ઞાતિજનોને લોકાર્પણ કર્યું. જેનો જ્ઞાતિજનો ઉપરાંત મુલુન્ડના રહેવાસીઓ તેનો સતત લાભ લઇ રહ્યા છે. ડિસેમ્બર મહિના માટે શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથિ નિમિત્તે જ્ઞાતિજનોને વધુ રાહત મળે તે હેતુથી ૧૭૫ વર્ષને ધ્યાનમાં રાખતા ૧૭.૫ ટકા ડિસ્કાઉન્ટ ટ્રસ્ટીગણ તરફથી નક્કી થયું જેમાં ઘણીજ સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ મેળવ્યો.

સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ-૨૦૧૭ની પ્રથમ સફળતા બાદ અને જ્ઞાતિજનોની વધુ માંગના કારણે દ્વિતિય સેમિનાર કેમ્પને પણ ૧૭૫મી પુણ્યતિથિના ઉપલક્ષમાં રવિવાર, તા. ૧૭ ડિસેમ્બરના ડોંબિવલીમાં આયોજવાનું વ્યવસ્થાપક સમિતિ દ્વારા નક્કી કરવામાં આવ્યું. જેમાં સ્કીન ફંગલ ઇન્ફેક્શન, પીમ્પલ્સ, પીગમેન્ટેશન, હેર ફોલ, ફેઇરનેસ, ડેન્ડ્રફ. હેલ્થી ગ્લોવીંગ સ્કીન માટેના સરળ ઉપાયો. રૂટીન સ્કીન કેર અને હેર કેર ઇત્યાદિ બાબતે બીજો સેમીનાર સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન રાખવામાં આવ્યું. જેમાં ડો. હર્ષ શાહ (M.B.B.S., M.D.) દ્વારા આ સેમિનારમાં ૫૪ જ્ઞાતિજનો જોડાઇ વિવિધ જાણકારીઓ મેળવી હતી.

રોટરી ક્લબ, ડોંબિવલી (પૂર્વ) ખાતે કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી અનંતનાથજી દાદા, શ્રી મહાકાલી માતાજી અને શેઠશ્રી નરશી નાથા સમક્ષ મુંબઇ મહાજનના પદાધિકારીઓ, મેડીકલ ટ્રસ્ટના -ટ્રસ્ટીગણ, ડોંબિવલી મંડળના પદાધિકારીઓ અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય - માળારોપણ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ હર્ષ શાહ અને ડૉ. કૌશલ શાહ દ્વારા સેમિનારમાં જ્ઞાતિજનો સમક્ષ વિશેષ માહિતીઓ અને વિવિધ ચેકઅપ શરૂ કરવામાં આવેલ.

આઇ કેર સેમિનાર કેમ્પ-૨૦૧૭નું પ્રથમ આયોજન પણ ૧૭૫મી પુણ્યતિથિના ઉપલક્ષમાં રવિવાર, તા. ૧૭ ડિસેમ્બરના ડોંબિવલીમાં ૪૫થી વધુ ઉમરના ૧૦૦ જ્ઞાતિજનો લાભ મેળવી શકે એ હેતુથી સવારે ૧૦ થી સાંજે ૫ દરમ્યાન ગોઠવવામાં આવ્યો હતો. જેમાં આંખોની કાળજી વિશે ડૉ. કૌશલ શાહનું માર્ગદર્શનમાં આંખોની રૂટીન ચેક અપ. કેટરેક્ટ સર્જરી વિષયે જાણકારી આપવામાં આવી હતી. આ સેમિનારમાં ડૉક્ટરના સહયોગ રૂપે તેમની ધર્મપત્ની પણ જોડાયા હતા જેઓ ડાયાબિટીઝના કન્સલ્ટન્ટ છે. સેમિનારમાં કુલ ૨૨ જણા કેટરેક્ટની બિમારીગ્રસ્ત જણાયા. ૧૭૫મી પુણ્યતિથિના ઉપલક્ષમાં શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ૧૧ કેટરેક્ટ સર્જરી ડૉ. કૌશલ શાહની હોસ્પિટલમાં સંપૂર્ણ ઓપરેશન ખર્ચ જ્ઞાતિના જરૂરીયાતમંદ માટે જ ફ્રી માં થશે.

આ બન્ને આયોજનને સફળ બનાવવા ૧૫૪થી અધિક જ્ઞાતિજનો જોડાયા હતા. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા, માનદ્‌મંત્રી શ્રી રમેશ હીરજી લોડાયા તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી હીતેશ ભોજરાજ નાગડા, શ્રીમતી જસ્મીન ખીરેશ સાયલા, શ્રી અનુજ ગીરીશ લોડાયા, શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલીના પ્રમુખશ્રી અતુલ ડુંગરશી ધરમશી, માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા પધારી કાર્યક્રમની શોભા વધારી હતી. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી હીરાલાલ હંસરાજ ડાઘા સાથે કોષાધ્યક્ષ શ્રી અમિત શાંતિલાલ મોમાયા, ટ્રસ્ટીગણમાં શ્રી હેમંત રમેશ ધુલ્લા, શ્રી રીતેશ કિશોર કારાણી, શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ કાર્યક્રમને સફળ બનાવવાનો પુરૂષાર્થ કર્યો હતો. શ્રીમતી જાસ્મીનબેન ધુલ્લા દ્વારા સેમિનાર-કેમ્પ માટે ડૉક્ટરની વ્યવસ્થા માટેની મહત્વની ભૂમિકા રહી હતી.

પધારેલ સર્વે જ્ઞાતિજનો માટે ચા-પાણીની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સંયુક્ત સૂત્ર સંચાલન શ્રી રીતેશ કાયાણી અને શ્રી રમેશ લોડાયાએ કર્યું હતું. ડૉ. કૌશલ શાહ અને ડૉ. હર્ષ શાહનું સન્માન પુષ્પગુચ્છ અને સ્મૃતિચિન્હ મુંબઇ મહાજન અને મેડીકલ ટ્રસ્ટના અગ્રણી પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલ. શ્રીમતી જાસ્મીન સાયલા અને શ્રી નીતિનભાઇ નાગડા દ્વારા રીશેપ્શન તેમજ શ્રીમતી કવિતાબેન રમેશ ધુલ્લા દ્વારા અલ્પાહારની વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**

**શ્રી જીવરાજ લોડાયા - માનદ્‌મંત્રી    શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - મેનેજીંગ ટ્રસ્ટી    તેમજ સર્વે ટ્રસ્ટી ગણ**

॥ શ્રી અજીતનાથજી નમઃ ॥

# ૧૨૫ વર્ષ પ્રાચીન શ્રી કચ્છ વાંકુ નગરે નૂતન ત્રિશિખરબંધ જિનાલય

તપસ્વીરત્ન સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબ**ની પ્રેરણા આજ્ઞા અને આશીર્વાદ તેમજ સાહિત્ય દિવાકર **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** આશીર્વાદ તથા સર્વે દિવગુરૂઓની કૃપા તેમજ ઉદાર દિલવાળા તેમજ સખી દાતાઓ તથા સંસ્થાઓ તેમજ ટ્રસ્ટોના સહયોગથી વાંકુ નગરે શ્રી અજીતનાથજી દાદાનો નૂતન જિનાલય પૂર્ણ થયેલ છે. તપસ્વી રત્ન સંઘ શિરછત્ર અચલગચ્છાધિપતિ **આચાર્ય ભગવંત ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ની પાવનકારી નિશ્રામાં તેઓનાં વરદ હસ્તે પ્રભુજીઓની પ્રતિષ્ઠા વૈશાખવદી ૧૪ ને રવિવાર સવંત ૨૦૭૪ ની સાલે તા. ૧૩-૫-૨૦૧૮ને રવિવારના નક્કી થયેલ છે. યોગાનુયોગ શ્રી વાંકુ તીર્થને પણ ૧૨૫ (સવાસો) વર્ષ પૂર્ણ થતા આ બંને શુભ પ્રસંગો નક્કી થયેલ છે.

ઉપરોક્ત પ્રસંગે આયોજીત પંચાન્હિકા મહોત્સવ પ્રસંગોના ચડાવાઓ માટે ઘાટકોપર મધે તા. ૨૬-૧૧-૨૦૧૭ને રવિવારના પ્રોગ્રામ રાખવામાં આવેલ જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવકાર મંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ કચ્છ વાંઢવાલાએ કરેલ.

**પ્રસંગોની ઉજવણી રૂપે પંચાન્હિકા મહોત્સવનું આયોજન તા. ૧૦-૫-૨૦૧૮ થી તા. ૧૪-૫-૨૦૧૮ સુધીનું આયોજન કરેલ છે.**

## પ્રભુજીઓના પ્રતિષ્ઠાના વિવિધ ચડાવાઓ તેમજ લાભાર્થીઓના નામ નીચે મુજબ છે.

૧) **મુળનાયક શ્રી અજીતનાથજી દાદા** : **માતુશ્રી સોનબાઈ ત્રીકમજી વીરજી સોની,** વાંકુ

૨) **શ્રી ચંદ્રપ્રભુસ્વામી** : **માતુશ્રી નેણબાઈ દેવશી ખીમજી લોડાયા,** વાંકુ-મુલુંડ

૩) **શ્રી પાર્શ્વનાથ ભગવાન** : **માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના,** નલીયા-ઘાટકોપર

૪) **શ્રી અનંતનાથજી ભગવાન** : **માતુશ્રી મંજુલાબાઈ શામજી ખોના,** સુથરી-મસ્જીદબંદર

૫) **પ્રાચીન અજીતનાથજી દાદા** : **અરજણ દેશર મોતા,** વાંકુ-આગાસન
હ. **માતુશ્રી સોનલબેન રાયચંદ શેઠ હંસરાજ ધરમશી,** સુથરી-વરલી

૬) **શ્રી વાસુપુજ્ય સ્વામી** : **દામજી નરશી સોની પરિવાર,** વાંકુ-મુલુંડ

૭) **શ્રી મહાવીર સ્વામી** : **માતુશ્રી વેજબાઈ મેઘજી લીલાધર,** વાંકુ-આદિપુર
હસ્તે **હેમંતકુમાર ઠાકરશી મેઘજી સોની**

### સાધર્મિક ભક્તિના આખા દિવસના લાભાર્થીઓ

૧) શ્રી વાંકુ ગામની સર્વે નિયાણી બહેનો
૨) દામજી નરશી સોની પરિવાર
૩) માતુશ્રી દેવકાંબાઈ ધીરજી ખીમજી લોડાયા તથા માતુશ્રી નેણબાઈ દેવશી ખીમજી લોડાયા
૪) માતુશ્રી સોનબાઈ ત્રીકમજી વીરજી સોની, ધુવાબંધ
૫) માતુશ્રી મણીબાઈ ગુલાબચંદ કેશવજી સોની પટેલ

### ભરત ચક્રવર્તી ભોજન ખંડના લાભાર્થી

અ.સૌ. કસ્તુરીબેન દામજી નરશી સોની પરિવાર, વાંકુ-મુલુંડ

માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના, નલીયા-ઘાટકોપર

### વિધિમંડપના લાભાર્થી

પદમશી ગેલાભાઈ મોતા, નલીયા-બડગરા

### ફોટોગ્રાફી તથા વીડિયોગ્રાફીના લાભાર્થી

જીતેનકુમાર હિરાચંદ રતનશી નાગડા, નલિયા-ભાંડુપ

### સંઘપતિ ટિકીટોના લાભાર્થી

### મુંબઈ થી વાંકુ તેમજ વાંકુથી મુંબઈ

માતુશ્રી વિજયાબેન શાંતિલાલ જેઠાલાલ મૈશેરી, લાલા-મુલુંડ તથા

માતુશ્રી સરલાબેન ભવાનજી દેવશી લોડાયા, વાંકુ-મુલુંડ

### મહોત્સવના મુનીમ (મહેતાજી)

દામજી નરશી સોની પરિવાર

**તલકથી બહુમાન કરનાર**

માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, સુથરી-વરલી

**પત્રિકામાં દશકતના લાભાર્થી**

દામજી નરશી સોની પરિવાર, વાંકુ-મુલુંડ

**કુંભ સ્થાપના**

વિશનજી નાગશી મોમાયા, વાંકુ-ડોંબીવલી

**અખંડ દિપક**

માતુશ્રી મંજુલાબેન શામજી ખોના, સુથરી-મસ્જીદબંદર

**માણેક સ્તંભ**

માતુશ્રી વેજબાઈ મેઘજી લીલાધર હસ્તે હેમંતકુમાર ઠાકરશી, વાંકુ-આદિપુર

**નવગૃહ પુજન**

પદમશી શામજી લઘુભાઈ લાલકા, વાંકુ-મુલુંડ

**તોરણ બંધન**

દામજી નરશી સોની પરિવાર, વાંકુ-મુલુંડ

**દશદિગપાલ પુજન**

દામજી નરશી સોની, વાંકુ-મુલુંડ

**અષ્ટમંગલ પુજન**

મણીબાઈ નરશી ઊકેડા લોડાયા, રાપરગઢવારી-મુલુંડ

**બૃહદનંદાવૃત પુજન**

શ્રી અરજણ દેશર મોતા, વાંકુ હસ્તે સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી-વરલી

**જવારા રોપણમાં બાર કુમારિકાઓના નામ આવી ગયેલ છે.**

**લાખેણા દાતાનો નકરો રૂપિયા એક લાખ**

૧) અ.સૌ. હર્ષાબેન ભૂપેન્દ્રકુમાર માણેકજી ભાટે, કોઠારા-મુલુંડ
૨) લહેરચંદ હીરજી ખીમજી લોડાયા, વાંકુ-મુલુંડ
૩) શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંડળ, વાંકુ
૪) માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ, ભરૂડીયા (હાલાર)-મુલુંડ
૫) માતુશ્રી હિરાબેન હંસરાજ નરશી મોમાયા, સુથરી-ઘાટકોપર
૬) માતુશ્રી લક્ષ્મીબાઈ શામજી લઘુભાઈ લાલકા પરિવાર સર્વે પુત્રો, વાંકુ

**આધાર સ્તંભ - રૂપીયા એકાવન હજાર**

**સહયોગી દાતા - રૂપીયા પચીસ હજાર**

૧) મધુરીબેન દેવજી મેઘજી સોની હસ્તે કલ્પીબેન કેતન લોડાયા

**ઉપરોક્ત લાખેણા દાતા આધારસ્તંભ તેમજ સહયોગી દાતામાં સર્વેને લાભ લેવા વિનંતી.**

દાતાઓના નામ આમંત્રણ પત્રિકામાં આવે એટલે તા. ૧-૧-૨૦૧૮ સુધી જણાવવા વિનંતી.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન જે ભાગ્યશાળીઓ આવવાની ઇચ્છા ધરાવતા હોય તેમને પોતાની ટિકિટ પોતે કઢાવી લેવી. સ્લીપર કોચની ટિકીટનું રીફંડ મહોત્સવ થયા બાદ સ્થાનિકે મળશે.

વિધિ વિધાન માટે નવકાર મંત્ર આરાધક **નરેન્દ્રભાઈ રામજી નંદુ વાંઢવાલા** પધારશે.

લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન વાંકુ** તથા
**શ્રી અજિતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, વાંકુ**

પ્રમુખ :
**રમેશ ત્રીકમજી સોની**

સેક્રેટરી :
**દામજી નરશી સોની**

ના જય જિનેન્દ્ર

# શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

## દ્વારા આયોજિત
## મોમાઈ માંની ભવ્ય રજત જયંતિ
## સમૂહ પહેડી

**શુભ દિન :**
વિક્રમ સંવત ૨૦૭૪,
મહા સુદ-૪,
રવિવાર, તા. ૨૧.૦૧.૨૦૧૮

**શુભ સ્થળ :**
**જૈનમ બેન્કવેટ હોલ**
એલ.બી.એસ. માર્ગ,
ક્રિષ્ણા સાગર હોટલની સામે,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

વરાડીયા દેવસ્થાનકે મોમાઇ માતાજીને નમતા મોમાયા પરિવારના ભાવિકો તેમજ નિયાણી બહેનોને મોમાઇ માતાજીની ૨૫મી રજત જયંતિ સમૂહ પહેડીની અગોતરી જાણ તેમજ સસ્નેહ આમંત્રણ.

કુળદેવી શ્રી મોમાઇ માતાજીની અસિમ કૃપા તથા સર્વે વરાડીયાવાસી મોમાયા પરિવારના પ્રેમ વાત્સલ્યભર્યા સાથ અને સહકારથી ૨૫મી એટલે કે રજત જયંતિ સમૂહ પહેડી વિ.સં. ૨૦૭૪ મહા સુદ-૪, રવિવાર, તા. ૨૧.૦૧.૨૦૧૮ના નિરધારેલ છે. આ સુવર્ણ અવસરને ભવ્યાતિભવ્ય રીતે ઉજવવાનું નક્કી કરેલ છે. જેમાં વરાડીયા વાસી સર્વે મોમાયા પરિવાર તેમજ નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા આગોતરૂ નિમંત્રણ આપીએ છીએ. નિમંત્રણ પત્રિકા જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં ત્યાં રૂબરૂ જઇ આપવાનો પ્રયત્ન કરેલ છે. તથા અન્યને કુરીયર કે પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. છતાંય કોઇને પત્રિકા ન પહોંચી હોય તો આ જાહેર નિમંત્રણને રૂબરૂ મળ્યા તૂલ્ય સમજી આમંત્રણ સ્વીકારશોજી.

સર્વે મોમાયા પરિવાર તેમજ નિયાણી બહેનોના પરિવાર ભેગા મળે, ભક્તિ ભાવના સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણે, શૈક્ષણિક કે કોઇપણ અન્ય ક્ષેત્રે અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરેલ ભાઇ-બહેનોને ફુલ નહીંતો ફુલની પાંખડી આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરે. તે માટે આખા દિવસનો રંગારંગ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**ખાસ નોંધ : નિર્ધારીત સમય સવારે ૭:૩૦ કલાકે અનંત સિદ્ધિ, ભાંડુપ (પશ્ચિમ) ના પ્રાંગણમાં સમયસર હાજર રહેવા વિનંતી.**

| | |
|---|---|
| સવારે ૭:૩૦ કલાકે : | માતાજીને તેડવાનું, સ્થળઃ અનંત સિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે) |
| સવારે ૭:૩૦ કલાકે... | નવકારશી |
| સવારે ૯:૦૦ કલાકે : | માતાજીને પોંખવાનું |
| સવારે ૯:૧૫ કલાકે : | શ્રી ગણેશ સ્થાપના, માતાજીના જૂહાર તથા ભાવનાની રમઝટ |
| બપોરે ૧:૦૦ કલાકે... | મહાપ્રસાદ |
| બપોરના ૩:૦૦ કલાકે... | મોમાયા પરિવારજનો તથા નિયાણી બહેનોના પરિવાર દ્વારા પ્રસ્તુત ભારતીય સંસ્કૃતિને શોભે એવા સંગીત, નૃત્ય, મિમિક્રી, વેશભૂષા હરીફાઇ, શૈક્ષણિક કાર્યક્રમ. |
| બપોરના ૪:૦૦ કલાકે | ચા-પાણી |
| સાંજના ૫:૦૦ કલાકે | ચૌવિહાર |
| સાંજના ૭ થી ૯ કલાકે | ઢબૂકતા ઢોલે અને સંગીતના સથવારે કચ્છી રાસ, ડી.જે.ની ધમાલ |

નોંધ : શૈક્ષણિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમ :
૧) પ્લેગ્રુપ, જુનિયર-સિનીયર કે.જી.ના દરેક બાળકોને પ્રોત્સાહક ઇનામ. ૨) ધોરણ ૧ થી ગ્રેજ્યુએશન સુધી ૮૦ ટકા અને તેથી ઉપરના વિદ્યાર્થીઓમાંથી ધોરણ દીઠ બે ઇનામો. ૩) સમાજના વિવિધ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ, સામાજિક કે અન્ય કોઇપણ પ્રવૃત્તિઓમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરેલા તેજસ્વી તારલાઓનું અનેરૂ સન્માન. ૪)કૃપા કરીને પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહીં.

**સંપર્ક**

| | | |
|---|---|---|
| શ્રી રતિલાલ શામજી મોમાયા | આશાબેન કિરીટ મોમાયા | શેફાલીબેન પિયુષ મોમાયા |
| ૯૮૧૯૧૯૭૩૩૨ | ૯૧૬૮૪૩૪૦૦૯ | ૯૮૨૦૨૨૧૯૧૬ |

## વરાડીયાવાસી મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૦મી ધ્વજા પ્રસંગે

### વરાડીયાવાસી મોમાયા પરિવારને સસ્નેહ નિમંત્રણ

**શુભ દિન :** વિ.સં. ૨૦૭૪, મહા સુદ-૧૫, બુધવાર, તા. ૩૧.૦૧.૨૦૧૮ **શુભ સમય :** ૯:૧૫ કલાકે...

**માતાજીની ધ્વજારોહણના લાભાર્થી પરિવાર : માતુશ્રી મીઠીબાઇ ધનજી મોમાયા (મુલુન્ડ)**

સહર્ષ જણાવવાનું કે આ શુભ પ્રસંગે તા. ૨૯.૦૧.૨૦૧૮ના સયાજીનગરી એક્સપ્રેસથી પ્રયાણ કરી તા. ૩૧.૦૧.૨૦૧૮ના રીટર્ન આવીશું. ઘણા ભાવિકોની ટીકીટ આવી ગયેલ છે. હજી પણ જેમને આવવાની ઇચ્છા હોય તેમણે પોતાની રીતે ટીકીટો કાઢી જોડાઇ શકે છે તેમજ પોતાના આવવાની જાણ ભૂવાશ્રી લલીતભાઇને કરવી જેથી સુચારૂ રીતે વ્યવસ્થા થઇ શકે.

**લિ. ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**

## સ્વમાન લગ્ન અભિયાન, ''સુંદર, સાધર્મિક, સમાજ સેવા''

શ્રી માટુંગા મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા શ્રી નારાણજી શામજી વાડીમાં યોજાતા ''સ્વમાન લગ્ન''. દર મહિને ચાર દિવસ અને એક દિવસમાં બે લગ્ન, એમ આઠ લગ્ન સંપન્ન કરવાનું જેમનું નિયમ. અત્યાર સુધી ત્યાં લગભગ ૬૦ લગ્ન યોજાઈ ચૂક્યા છે.

આ ''સ્વમાન લગ્ન'' છે શું? અતિ સામાન્ય પરિવારને પણ પોસાય અને છતાં વૈભવી લગ્ન કેવાય. જેમાં ફક્ત રૂા. ૧,૦૦,૦૦૮માં સવારના લગ્ન અને રૂા. ૧,૦૦,૦૩૮ હજારમાં સાંજના લગ્ન લેવાય છે. જે બન્ને વર-વધુ પક્ષ વાંટી લે તો ફક્ત રૂા. ૫૪,૦૦૦ અથવા રૂા. ૬૯,૦૦૦માં તો એવાં લગ્ન લેવાય કે એક જીંદગીભર નું અમૂલ્ય સંભારણું થઈ જાય.

આ સ્વમાન લગ્ન ''કેવી રીતે લેવાય છે?'' ધારો કે તમને એપ્રિલમાં લગ્ન લેવા છે તો તમને જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં ચાર તારીખો મળશે જેમાંથી તમને વહેલી તકે એક તારીખ બુક કરાવવી પડશે. તમને લગ્નની તૈયારીઓ માટે ભરપૂર સમય મળી રહે છે. જોકે તૈયારી એટલે ફક્ત વર-વધુના કપડા દાગીના કરાવવાના અને સ્વજનોને આમંત્રણ આપવાનું. બાકી તો ''સ્વમાન લગ્ન અભિયાન'' હેઠળ બધું જ થઈ જાય. તમારે ફક્ત બે ફૂલના હાર લઈને હૉલ પર પહોંચી જવાનું. વર તરફના ૨૦૦ જણ તથા કન્યા તરફના ૨૦૦ જણ એટલે કે કુલ ૪૦૦ જણને વેલકમ ડ્રીંક અને સ્ટાર્ટથી શરૂ કરીને, બે મિઠાઈ, બે ફરસાણનું સ્વાદિષ્ટ ભોજન અને છેલ્લે છાશ તથા આઈસ્ક્રીમની મિજબાની સાથે તમારા ઘરના લગ્ન સંપન્ન થઈ જાય. Photo Session પણ સુંદર કરી આપે છે.

અને આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન નારાણજી શામજી વાડી ના બે-ત્રણ ટ્રસ્ટીઓ હાજર જ હોય. એ લોકો પણ વર-કન્યાને આશીર્વાદ રૂપે ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે ભેટ પણ આપે અને એમાં તમારી ફક્ત ૫-૧૦ મિનિટ લે છે.

ખરેખર, ધન્યવાદને પાત્ર છે જેમણે આવું સસ્તુ, સુંદર અને **સ્વમાન લગ્ન અભિયાન** શરૂ કર્યું છે. જ્ઞાતિ માટે આ વરદાન રૂપ છે. પૈસાનો ખોટો ધુમાડો કરવા કરતા; દેખા-દેખીમાં તણાવા કરતાં, આવા લગ્ન અભિયાનમાં જોડાઈએ તો ખરેખર આપણી જ્ઞાતિ ઘણા ખોટા ખર્ચાઓથી બચી શકે છે.

**વિશેષ :-** ફક્ત તમારે મુહૂર્ત અને ચોઘડિયા ન જોવા જોઈએ, કેમકે વાડી જે દિવસોમાં ખાલી હોય ત્યારે જ અપાય છે અને દિવસમાં બે લગ્ન લેવાય છે એટલે સમય મર્યાદાનો પણ ખ્યાલ રાખવો જોઈએ. જે આપણે પાળીએ તો બધું સરસ રીતે ગોઠવાય છે. દિવસો બધા એક સરખા અને દિવસમાં બધા સારા જ ચોઘડિયા હોય એમ માનીને ચાલીયે તો આના જેવું કોઈ વિકલ્પ નથી.

સંકલન : **શ્રીમતી માલતી હરીશ ધરમશી**

---

।। ૐ હ્રીં શ્રી આદિનાથાય નમઃ ।। 卐 ।। ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।
।। શ્રી ગુણસાગર સૂરયે નમઃ ।।

## અનુમોદના... આભાર... મિચ્છામિ દુક્કડમ્...

શ્રી શત્રુંજય ગિરિરાજની ગોદમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની છત્ર છાયામાં શેઠશ્રી નરશીનાથા ધર્મશાળાની પાવન ધરા પર તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ના શુભાજ્ઞા આશીષે-સાહિત્ય દિવાકર **પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** તથા નૂતન સૂરિત્રયની મંગલ કામનાએ **પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.**ના શિષ્યા **પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા.** આદિ ઠાણાની નેહભરી નિશ્રાએ યોજાયેલ **શ્રી શત્રુંજય - જય તળેટી - ગુરુ ગુણોદય - સીનીયર સીટીજન - ૯૯ યાત્રા** પર્વના સંઘપતિ પરિવારો-દાતા પરિવારો-આરાધકો-કાર્યકરોની ભૂરિ ભૂરિ અનુમોદના પધારેલા મહાનુભાવો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ પીઠબળ પુરું પાડનાર સ્નેહીજનોનો આત્મીય પૂર્ણ આભાર...૯૯ પર્વના પાવન પ્રસંગે. **અમારાથી કોઈ ક્ષતિ થઈ હોય - કોઈનું દિલ દુભાયું હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડમ્.....**



લી. **શ્રી શત્રુંજય જય તળેટી - ગુરુ ગુણોદય સીનીયર સીટીઝન ૯૯ યાત્રા સમિતિના જય જિનેન્દ્ર**

---

## ચિત્રપટ સંપુટના આધારે ચાલો છ ગાઉ યાત્રા કરીએ

તીર્થાધિરાજ શંત્રુજયનો મહિમા અનેરો છે. એમાં પણ ફાગણ સુદ તેરસના **છ ગાઉ ની યાત્રા** સહુના માટે સવિશેષ બની જાય છે. આ પાવન દિવસે શામ્બ અને પ્રધુમ્ન સાડા આઠ કરોડ મુનિવરો સાથે સિધ્ધિ પદને પામ્યા છે. આ દિવસે જે પુણ્યશાળીઓ શંત્રુજય તીર્થે નથી પહોંચી શકતા તે ઠેર ઠેર છ ગાઉની ભાવયાત્રાનું આયોજન કરે છે.

આવા છ ગાઉની ભાવાયાત્રા માટે સવિશેષ પ્રયત્નો દ્વારા તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી **પ.પૂ. સા. જયદર્શિતાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**ની પ્રેરણા તથા માર્ગદર્શનથી તલાટિ... દેવકી ષટ્ નંદન... અજીત-શાંતિ દેહરી... ચંદન તલાવડી... ઉલ્કાજળ... ભાડવો ડુંગર... સિધ્ધવડ આદિ ના ચિત્રપટોનો સેટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વર્ષે ફાગણ સુદ તેરસ ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮ના છે. જે પણ સંઘોને આ ચિત્રપટ સંપુટની આવશ્યકતા હોય એમણે નીચેના નંબર ઉપર સંપર્ક સાધવા અને વિના મૂલ્યે લાભ આપવા વિનંતી.

સંપર્ક : **રેખાબેન રાજેશભાઈ ધુલ્લા** (ગોવા)
મો.: **86687 02009 / 94212 46733**

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પદ્‌મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરેલ. પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ થી અને તેમના માર્ગદર્શને ટ્રસ્ટ પોતાના કાર્યો સફળતા પુર્વક કરી રહેલ છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલીસગામ મધે ચાલુ છે. આ કાર્યો ને સફળ બનાવવા કાયમી તિથિનો લાભ લેનાર દાતાઓના નામ : ૧) શા. રતનશી વાલજી ગડા (બરોડા), ૨) શ્રી શાંતિનાથ જીનાલય (પારોલા તિર્થ સાર્ઘ શતાબ્દી મહોત્સવ સમિતિ-પારોલા), ૩) ગુણવંતિબેન દિનેશ શાહ (મુંબઈ), ૪) ભુપેશ હરીશ માલદે (શિરશિ), ૫) કે.ડી.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંડળ (ધુલીયા), ૬) કુંવરબાઈ આશરિયા લોડાયા (હ. લક્ષ્મીબેન ગુલાબચંદ શાહ - અંકલેશ્વર), ૭) વિરચંદ શિવજી ખોના (હ. લીલાબાઈ વિરચંદ ખોના-હુબલી), ૮) શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (જન્મ દિવસ નિમિતે - ચાલીસગામ), ૯) વેલજી રવજી પોલડીયા (લુણી), ૧૦) શા. ભવાનજી શિવજી લોડાયા (હ. મધુરીબાઈ-ચાલીસગામ), ૧૧) માતુશ્રી ચંપાબેન લાલજી દેવજી મૈશેરી (હ. દિપક કિરણલાલજી મૈશેરી - યુ.એસ.એ.), ૧૨) અનુજ કૌશિક લાપસિયા (હસ્તે વિભા કૌશિક લાપસિયા - સાંતાક્રુઝ), ૧૩) ચંદનબાઈ જીવરાજ કાનજી લોડાયા (બીડ), ૧૪) શા. લીલાધર નરશી મોટરવાલા (માટુંગા).

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડની વર્ષ ૨૦૧૮-૨૧ માટેના કારોબારી સભ્યોની ચુંટણીનું આયોજન તા. ૨૫-૨-૨૦૧૮ રવિવારના કરવામાં આવેલ છે. વધુ વિગતો મંડળના કાર્યાલયમાં મુકાયેલ નોટીસ ઉપર જણાવેલ છે.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ, રાયપુર

જ્ઞાતિનું દિવાળી સ્નેહમિલન અને સામાન્ય સભા શ્રી કુંથુનાથ જિનાલય પરિસમાં ૦૫-૧૧-૨૦૧૭ના રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રથી અને દીપ પ્રજ્વલિત કરવામાં આવેલ. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાજીને માલ્યાર્પણ શ્રીમતી મંજુલાબેન કુલીનકાન્ત જીવાણી પરિવારે કરેલ. સભાના અતિથિ વિશેષ શ્રી ગિરિશભાઈ મણિલાલ નાગડા અને શ્રીમતી જયશ્રી બેન ગિરીશ નાગડા, ખિરકિયા મંચસ્થ હતા.

મહાજનના પ્રમુખ શ્રી તરૂણભાઈ શિવજી લોડાયાએ દિવાળી મિલન તથા નવા વરસની શુભેચ્છાઓ પાઠવેલ તથા સાથ સહકાર સહયોગ માટે જ્ઞાતિના સર્વ પરિવારોના આભાર માનેલ. મહાજનના કોષાધ્યાક્ષ શ્રી રાયચંદભાઈ લખમશી લોડાયાએ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના આવક જાવકનો અહેવાલ રજુ કરેલ જેને સર્વ સંમતિ થી મંજૂરી મળેલ. યુવા મંડળ અને મહિલા મંડળ એ પણ આવક જાવકનું અહેવાલ રજુ કરેલ.

જે બાળકો પરિક્ષામાં ઉત્તીર્ણ થયા તેમને શિક્ષા પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા પરિવારે એક પરિવારને મેડિકલ સહાયતા આપેલ. લક્કી ફેમિલી અવાર્ડ માતુશ્રી સુશીલાબેન વીરચંદ ગોવિંદજી વીકમશી પરિવારને આપવામાં આવેલ. બેસ્ટ કચ્છી ડ્રેસનું સન્માન શ્રીમતી મંજુલાબેન કુલીનકાન્તભાઈ જીવાણી અને શ્રીમતી પ્રવીણાબેન સતીશભાઈ છેડાને આપવામાં આવેલ. ડૉ. દક્ષેશ રાયચંદ લોડાયા, ડૉ. પ્રતિભા કેતન શાહ, શ્રી પ્રવીણભાઈ માણેકજી મૈશેરી, શ્રી અમિતભાઈ હીરાચંદ મૈશેરીને એમના કાર્યક્ષેત્રમાં ઉપલબ્ધી માટે સન્માન કરવામાં આવેલ. સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ વતી કરવામાં આવેલ. વડીલ શ્રી ઝવેરચંદ લખમશી મૈશેરી અરિહંત શરણ થયેલ તેમને ૨ મિનિટનું મૌન રાખી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ રાયપુર

યુવા મંડળની સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થતા યુવા


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ઉત્સવ ૨૦૧૭નું આયોજન ૧૧/૧૨-૨૦૧૭ના થયેલ. અતિથિ છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ એવં શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘના અધ્યક્ષ શ્રી તરૂણભાઈ શિવજી લોડાયા, શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘના મહાસચિવ શ્રી પ્રવીણ ભાઈ માણેકજી મૈશેરી અને શ્રી કુંથુનાથ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન હરીશભાઈ લોડાયાની વિશેષ ઉપસ્થિતિ હતી.

સમસ્ત છત્તીસગઢમાં રહેતા ૭૦ વર્ષની ઉપરના બધા વડીલોનું સન્માન કરાયેલ.

જ્ઞાતિ ગૌરવ સન્માન શ્રી પ્રવીણભાઈ માણેકજી મૈશેરી, ડૉ. શ્રી દક્ષેશભાઈ રાયચંદ લોડાયા, શ્રી અમિતભાઈ હીરાચંદ મૈશેરીને અપાયેલ. ફેન્સી ડ્રેસ પ્રતિયોગિતા, ગરબા પ્રતિયોગિતા ટેલેન્ટ હન્ટ, બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસ આદિ કાર્યક્રમ થયા.

યુવા મંડળના બધા ભૂતપૂર્વ અધ્યક્ષ, સચિવ અને કોષાધ્યક્ષ તેમજ યુવા મંડળના ૨ સર્વશ્રેષ્ઠ કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવેલ.

યુવા મંડળના અધ્યક્ષ શ્રી ધવલભાઈ મહેન્દ્ર લોડાયાએ યુવા સાથિયો ના સહકાર બદલ આભાર પ્રદર્શિત કરેલ.

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**

અનિવાર્ય સંજોગો ને કારણે આ વર્ષનો સ્નેહમિલનનો કાર્યક્રમ મુલત્વી રાખેલ છે. જનરલ મિટીંગની તારીખ પછીથી જાહેર કરવામાં આવશે જેની સર્વે નોંધ લેશોજી.

**ધ્વજા મહોત્સવ :** લાલા ગામમાં બિરાજતા શ્રી ચંદ્રપ્રભુજી દાદાના જિનાલયની ધ્વજા પ્રસંગ વસંત પંચમી ૨૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ઉજવાશે.

**સાંયરા**

૨-૧૨-૨૦૧૭ના શ્રી ધનબાઈ પ્રેમજી સાવલા તરફથી શ્રી સતીષ પ્રેમજી સાવલાના લગ્ન નિમિત્તે મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમા રતીલાલભાઈ, સંજયભાઈ, પ્રેમચંદભાઈ તથા તબલચી મહેન્દ્રભાઈ તથા બહેનો સારી રમઝટ બજાવેલ. ૪-૧૨-૨૦૧૭ના શ્રી સતીષ પ્રેમજી સાવલાના લગ્ન નિમિત્તે સ્વામીવાત્યલ્ય જમણ થયેલ.

અતિથિગૃહના સેનેટરીનું તથા ગેટોનું ૮૦% ટકા કામ થઈ ગયેલ દર તથા સ્કૂલમાં સતીષભાઈના લગ્ન પ્રસંગે પ્રભાવના થયેલ. રતીલાલ ધ્રોળની સળંગ ૧૪૯મી પૂનમ દીનેશ પટેલની છૂટક ૭૪ પૂનમ થયેલ છે.

**શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા**

૨૨/૧૦/૨૦૧૭ નવા વરસનું સ્નેહમિલન કચ્છી ભુવનમાં રાખવામાં આવેલ. પાસ થયેલા બધા વિદ્યાર્થીઓને પ્રાઈઝ આપવામાં આવેલ તથા સંઘજમણ રાખવામાં આવેલ.

તા. ૨૮/૧૦/૨૦૧૭ શ્રી કચ્છી જૈન મહિલા મંડળનું સ્નેહમિલન રાખવામાં આવેલ. ડ્રેસ કોડ તેમજ ઈન્ડોર ગેમ્સ જયશ્રીબેન ખોનાએ રમાડેલ. ગેમ્સમાં ૧) મીતા લાલકા-મીરાબેન મોતા-મંદા શાહ, ૨) કીર્તીબેન શાહ-સુશીલાબેન લાલકા-જસ્મીન સાવલા. બીજી ગેમ્સમાં પ્રાઈઝ ૧) મીતા લાલકા ૨) જસ્મીન સાવલા

મંડળને મીરાબેન મોતા તરફથી રૂા. ૫૦૦/- ભેટ મળેલ, ગુણવંતીબેન શાહ તરફથી રૂા. ૫૦૦/- ભેટ મળેલ. ૧૧ જણ તૈયાર થઈને આવેલ બધાને પ્રાઈઝ મળેલ. મીરાબેન મોતા, મીતા લાલકા, સુશીલાબેન લાલકા, મંદા શાહ, કેતના શાહ, પ્રભા ધુલ્લા, કિર્તી શાહ, નેહા શાહ, મંજરી વીરા, નીરા લાલકા, સરલા શાહ.

તા. ૩૧/૧૦/૨૦૧૭ ના કેતના શાહ તરફથી કીટી પાર્ટીનું આયોજન વંદના હૉટલમાં કરેલ બે ગેમ્સ રમાડેલ. ૧લી ગેમ્સમાં ૧) કૃતિકા ખુરીયા ૨) દીના દેઢીયા અને બીજી ગેમ્સમાં ૧) કૃતિકા ખુરીયા ૨) અવની શાહ ને પ્રાઈઝ મળેલ. હાઉસી રમી આનંદભેર છુટા પડ્યા.

તા. ૧૯/૧૧/૨૦૧૭ મંડળ તરફથી વાર્ષિક ઉત્સવ રાખવામાં આવેલ. પારસનાથ પંચકલ્યાણી પૂજા ભણાવી. બધાને ફીસ લઈ લાણી આપેલ. આરતીનો લાભ : ગુણવંતીબેન રૂા. ૫૦૦/-, મંગલ દીવોનો લાભ : સુશીલાબેન રૂા. ૭૦૦/-, શાંતિ કળશનો લાભ : મીરાબેન મોતા રૂા. ૧૦૦૦/- માં લીધેલ. બધાને સહકુટુંબ સાધર્મિક ભક્તિ કરાવેલ.

તા. ૧૬/૧૨/૧૭ કચ્છી ભુવનમાં કેકની ફરીફાઈ રાખવામાં આવેલ જજ તરીકે અવની શાહ પધારેલ. ૧) દિપાલી મોતા, ૨) કેતના શાહને પ્રાઈઝ મળેલ. પૂજા લાલકા, મંજરી વીરા, કીર્તી શાહ, જસ્મીન સાવલાને કૉન્સોલેશન પ્રાઈઝ મળેલ. જયશ્રી ખોના, મીતા લાલકાએ ગેમ્સ રમાડેલ ૧) વીરાલી શાહ, ૨) જસ્મીન સાવલા, ૩) દીપાલી મોતા. હાઉઝી રમાડેલ.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રફુલ રતિલાલ નાગડા** (PS 2719) | એ/૧૩, વીણા ટાવર, ૫મે માળે, બાલાજી સુપર માર્કેટ અને પાંડે ડેરીની ઉપર વીણા નગર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **વિશાલ ગુણવંત માલદે (ડાઘા)** (PS 7222) | બી-૧૪, તપાયી કો.હા.સો., આનંદ બજાર પાસે, ગુપ્તે રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : ૦૮૦૯૭૫ ૧૨૮૫૫ |
| **કેસરસિંહ નવીનચંદ્ર ધરમશી** (PS 5033) ભુલ સુધાર | ૭૦૩, સન હાઈટ્સ, ૩૫, ગોયાગેટ સોસાયટી, પ્રતાપ નગર, રીતેશ મેડીકલ સ્ટોરની ઊપર, વડોદરા - ૩૯૦ ૦૦૧. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૭ | વડોદરા | જીત, ખુશ્બુ નયન મુલચંદ લોડાયા (કાંકણ) | સાંધાણ | પુત્ર |
| ૦૨-૧૨-૧૭ | ભાંડુપ | લક્ષિત, જલ્પા ખીરેન હીરાચંદ ગોસર | બાયઠ | પુત્ર |
| ૧૪-૧૨-૧૭ | નાગપુર | ઋષભ, તન્વી નીરવ ભરત લોડાયા | સાંધવ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૨-૧૭ | ધાનોરા | યોગેશ વિરચંદ પાશ્વીર છેડા | નલિયા | ૨૮ |
| | ખામગામ | નિકિતા ચિતરંજન જયચંદ દંડ | લાલા | ૨૬ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૨-૧૭ | ભોપાલ | મધુર સુભાષ છાજેડ | ભોપાલ | ૨૭ |
| | અલપઈ | દિપાલી બીપીન કાંતિલાલ લુઠીયા | રાયધણજર | ૨૭ |
| ૧૬-૧૨-૧૭ | મુલુંડ | રોહન ગિરીશ મણીલાલ નાગડા | નલિયા | ૨૭ |
| | મુલુંડ | પરિતા મનીષ રતિલાલ ઠક્કર | અંજાર | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૧૭ | મુલુંડ | કરણ દિપક માણેકજી લોડાયા | સાંયરા | ૨૬ |
| | હૈદરાબાદ | જુહી સંજય કાન્તીલાલ મોતા | તેરા | ૨૫ |
| ૦૩-૧૨-૧૭ | કોઈમ્બતુર | રોનક જીતેન દંડ | લાલા | ૨૬ |
| | કોલકાતા | વિધી ખુશાલ લાલકા | લાલા | ૨૬ |
| ૧૦-૧૨-૧૭ | અહમદનગર | પ્રણય સુશીલ શિવજી મોમાયા | વરાડિયા | ૨૭ |
| | હૈદરાબાદ | અદિતી ધર્મેશ પદમશી મોતા | વારાપધર | ૨૪ |
| ૧૪-૧૨-૧૭ | ઘાટકોપર | જીગર કાન્તિલાલ પદમશી ધુલ્લા | સુથરી | ૨૮ |
| | ચીંચ બંદર | જુહી કેતન મોમાયા | વરાડિયા | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૨-૧૭ | ડોમ્બીવલી | કલ્પના બંકિમચંદ્ર નાગડા (શાહ) | જખૌ | ૫૪ |
| ૧૮-૧૨-૧૭ | ઘાટકોપર | રાજેશ રાયચંદ ધારસી લાલકા | મોટી ખાવડી | ૪૯ |
| ૧૮-૧૨-૧૭ | પાચોરા | રેખાદેવી ખુશાલચંદ પોલડીયા | બાયઠ | ૬૨ |
| ૨૦-૧૨-૧૭ | યુએસએ | ગૌતમ પૂનશી લોડાયા | નાની ખાવડી | ૭૨ |
| ૨૧-૧૨-૧૭ | થાણા | લતા કિરીટ ઉરમશી દંડ | લાલા | ૫૦ |
| ૨૩-૧૨-૧૭ | કોચી | ગોવિંદજી પદમશી વેલજી ધરમશી | સાંયરા | ૭૫ |
| ૨૩-૧૨-૧૭ | અમદાવાદ | જમકુબાઈ હેમચંદ ધરમશી | સુથરી | ૮૩ |
| ૨૩-૧૨-૧૭ | દહીસર | ચમનલાલ જેઠાભાઈ જેતસી મૈશેરી | કોઠારા | ૬૪ |

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# KDO G.V.C. JAIN SANGH

C/o. Gunodayasuridham, A/42, Anant Chhaya, 353/3, R. B. Mehta Marg, Ghatkopar (East), Mumbai - 400 077.

## દાંડીયા રાસની રમઝટ

















શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા આયોજીત તા. ૧૪-૧૦-૨૦૧૭ના દાંડિયા રાસની રમઝટ બધાએ ખૂબજ ઉત્સાહપૂર્વક માણી. સાથે ખાવા પીવાના સ્ટોલનો બધાએ ખૂબજ આનંદ માણ્યો.

મેઘરાજાની વધામણી હોવા છતાં બધાએ સારી સંખ્યામાં હર્ષ અને ઉલ્લાસ સાથે હાજરી આપી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘમાં માનનીય જજ શ્રી સંજયભાઈ સોની અને અ.સૌ. શીલાબેન સોનીનો સંઘે હાર્દિક આભાર વ્યક્ત કર્યો.

હરીફાઈમાં જીતેલા વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા. દિવાળીની સાફસફાઈથી થાકીને આવેલા સૌએ ખૂબજ મજા માણી તે બદલ શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ બધા ભાઈ-બહેનો અને વડીલોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**દાંડીયારાસ કમીટી : શ્રી જયેન્દ્રભાઈ ભેદા (કન્વીનર)**

| | | | | |
|---|---|---|---|---|
| | | | | સેજલ નાગડા |
| અમી નાગડા | દેવાંગ ધરમશી | હીતેન લોડાયા | માનસી શાહ | સરોજ મુનવર |
| ભાવિની ધરમશી | હેમા નાગડા | કલ્પના મૈશેરી | નેહા છેડા | ટોમેશ નાગડા |
| ચીરાગ નાગડા | હેતલ નાગડા | કવીતા મોતા | રૂપા શાહ | ઉપાસના દંડ |

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ પ્રમુખ - શ્રી સમીરભાઈ એલ. નાગડા**

UPASANA-9820167767

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૨૭-૧૦-૧૯૩૩

અરિહંત શરણ : તા. ૦૪-૧૨-૨૦૧૭

**સ્વ. શ્રી ચીમનલાલ વેલજી મોતા,** તેરા - ડોંબિવલી

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહીં, વિદાય એવી લીધી કે વિસરાય નહીં,
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.

પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

પત્ની : **રમીલાબેન ચીમનલાલ મોતા**

| | |
|---|---|
| પુત્ર | : **શ્રી પ્રફુલ્લ ચીમનલાલ મોતા** |
| પુત્રવધુ | : **અ.સૌ. પ્રિયા પ્રફુલ્લ મોતા** |
| પુત્ર | : **શ્રી અતુલ ચીમનલાલ મોતા** |
| પુત્રવધુ | : **અ.સૌ. કરીશ્મા અતુલ મોતા** |
| પૌત્ર | : **શ્રી અંકિત પ્રફુલ્લ મોતા** |
| પૌત્રવધુ | : **અ.સૌ. સોનમ અંકિત મોતા** |
| પૌત્રી | : **કુ. રીયા અતુલ મોતા** |
| પૌત્ર | : **કુ. હર્ષ અતુલ મોતા** |
| પડ પૌત્ર | : **મનન અંકિત પ્રફુલ્લ ચીમનલાલ મોતા** |
| દીકરી–જમાઈ | : **અ.સૌ. મીના દેવેન્દ્ર ખીંચશી જીવાણી** |
| દીકરી–જમાઈ | : **સ્વ. મીનલ અનીલ જીવરાજ દંડ** |

# દસમી પુણ્યતિથિએ સ્નેહાંજલિ



જન્મ : તા. ૦૫/૦૩/૧૯૯૩

સ્વર્ગવાસ : તા. ૨૧/૧૨/૨૦૦૭

## હર્ષિલ – દીના ફાલ્ગુન ખોના – નલીયા

હર્ષિલ, તું હંમેશા હસી ને રહ્યો છે, તેથી સૌના દિલમાં વસી જ રહ્યો છે.
જીવન એવું ઉત્તમ તું જીવી ગયો છે, અમારા સૌના દિલમાં "ચિરંજીવી" રહ્યો છે...

**લી. સોનબાઈ લખમશી મોરારજી ખોના, નલિયા પરિવાર**
**હેમલતા ધારશી ભોજરાજ ધરમશી, ભાટે, કોઠારા પરિવાર**

# આદરાંજલી



જન્મ તારીખ
૧૩-૯-૧૯૨૬

અરિહંત શરણ
૬-૧૨-૨૦૧૪

### શ્રી કુલપાકજી તીર્થ યાત્રા ના કાયમી સંઘપતી

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

(મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઇ)

## સંભારણ

પ.પૂ. આચાર્ય ભગવંત તથા સાધુ સાધ્વીઓના શુભ આશિર્વાદ થી સપ્ટેમ્બર ૨૦૦૬ માં શ્રી સંઘની સ્થાપના થી દર મહીનાના પહેલા રવિવારે કાચીગુડાથી કુલપાકજી તીર્થ યાત્રા નિયમીત શરૂ થઈ અને આજ શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘ અનેક પ્રવૃત્તિઓ ધમ ધમી ઊઠી છે.

જાનેવારી ૨૦૧૧ થી માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી બન્યા જેથી શ્રી સંઘમાં પ્રવૃત્તીઓનું ભયો ભયો થઈ ગયો.

"VISION 12-12-12" હેઠળ આયોજીત શ્રી સમ્મેત શીખરજીને દસ દિવસની યાત્રામાં માં ૧૮૧ યાત્રાળુ જોડાયા. માતુશ્રી આ યાત્રાના સાહાયક દાતા બની શ્રી સંઘના કાર્યને આશ્રસ્થ કરેલ સાથે સાથે ભવિષ્યનાં શ્રી સંઘના કોઈ પણ કાર્ય માતે પોતની તત્પરતા પ્રગટ કરેલ.

પ.પૂ. સર્વોદય સાગર મહારાજ સાહેબના હૈદરાબાદ કાચીગુડા જીનેશ્વરધામ મંદિરમાં ચાતુર્માસ દરમ્યાન ૨૦ થી ૨૫ દિક્ષા લીધેલ મુનીઓના પરિવારજનોનો સન્માન કરવામાં આવેલ ત્યારે કાર્યક્રમનો સમસ્ત ખર્ચ ઊપાડી પ્રત્યેક પરિવારજનોને રૂા. ૩૫૦૦/- થી રૂા. ૪૦૦૦/- સુધીના વસ્તુઓની પ્રભાવના કરેલ પ.પૂ. ગુરૂવલ્લભ મહારાજ સાહેબના ત્યારે ઉદગાટ હતા આ પ્રયોગ સમસ્ત જૈન સમાજમાં પહેલીવાર થાય છે.

સાલ ૨૦૧૫ માં શ્રી સંઘ તરફથી આયોજીત સ્તવન હરીફાઈમાં સર્વે ઊમરના લગભગ ૭૦ સ્પર્ધકો હતા આ કાર્યક્રમની પણ એમનીજ દેન હતી.

શ્રી સંઘ આયોજીત એનેક વિધ સ્પર્થા માં અખીલભારત સ્થર ઉપર આયોજીત નિબંધ સ્પર્ધાનાં પારીતોષીકના લાભાર્થી માતુશ્રી દેવયાનીબેન હતા (સ્પર્ધાનું વિષય હતો મારા સંપત્તીની સદ્‌ઉપયોગ દેરાસર, સ્કુલ, કૉલેજ, હોસ્પીટલ આદી સત્કર્મ માં કરીશ.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના સાથે-સાથે મુંબઈ તથા માદરેવતન કચ્છના અનેક ધાર્મીક સંસ્થાઓમાં પોતાના સુકૃત દાનની ગંગા વેહવાવી છે. શ્રી સંઘ વતી જે જે પણ ધાર્મિક પ્રવૃત્તીઓ થાય એના દાતાઓની લીસ્ટમાં માતુશ્રી દેવયાની બેનનો નામ મોખરે હોય. સંપૂર્ણ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં એમના તરફથી હેમેશા સંઘપૂજન હમખાસ હોય.

શ્રી સંઘના એવા પાયાના દાતાને શ્રી સંઘના ભાવિકો વક્તો વક્ત યાદ કરી લાખ-લાખ પ્રણામ કરે છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ,** કાચીગુડા, હૈદરાબાદ

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (25-12-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# સ્થાપક શ્રી કેશવજી નરશી અજાણી

100 YEARS

Dt. 01-01-1918

100 YEARS

Dt. 01-01-2018

SWORD BRAND Ajani

तलवार छाप अजाणी



100 Years Young

અમારા શતાયુ વર્ષની સફરમાં સર્વે સગા–સંબંધીઓ, ગ્રાહકો, હિતેચ્છુઓ, મિત્રોનો ખુબ ખુબ આભાર... તેમજ ભવિષ્યમાં પણ આપનો અમુલ્ય સાથ સહકાર, વિશ્વાસ અને સ્નેહ મળશે એ પ્રાર્થના...



Ajani ESTD. 1918

M/s. K.N. Ajani

Ajani ESTD. 1918

NUTCRACKERS, KNIVES, SCISSORS, LOCKS, CUTTERS

- SHOP NO. 137, ABDUL REHMAN STREET, OPP CENTRAL BANK OF INDIA, MUMBAI - 400 003. TEL. : 2340 0251
- SHOP NO. 102, KRISHNA GALLI, SWADESHI MARKET, KALBADEVI ROAD, MUMBAI - 400 002. TEL. : 2208 8221

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,